RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 90* Date: 19.01.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### પૂર્વોત્તરના ૩ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ચૂંટણીનું બિગુલ વાગી ગયું

# ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે, ૨ માર્ચે પરિણામ આવશે

નવીદિલ્હી,તા.૧૮

ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે, ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીનું પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યુ કે, ૩ રાજ્યોમાં કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. લોકતંત્રના પર્વની બધાને શુભેચ્છાઓ. તેમણે કહ્યું કે, લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નથી. નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરાનો પાંચ વર્ષનો વિધાનસભા કાર્યકાળ ૧૨ માર્ચ, ૨૨ માર્ચ અને ૧૫ માર્ચે સમાપ્ત થઈ રહ્યો છે. આ પહેલા નવી વિધાનસભાની રચના થવાની છે. ચૂંટણી પહેલા રાજકીય દળોએ પોતાની રણનીતિ પર કામ શરૂ કરી દીધુ છે. નોંધનીય છે કે મેઘાલય. ત્રિપુરા અને નાગાલેન્ડમાં ૬૦-૬૦ વિધાનસભા સીટો છે. આ સમયે ત્રિપુરામાં ભાજપની સરકાર છે તેથી ભાજપ ત્યાં વધુ ધ્યાન આપી રહ્યું છે. ત્રિપુરામાં વામ દળ અને આદિવાસી પાર્ટી ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાશે. ત્રિપુરામાં ભાજપની સરકાર છે, તો નાગાલેન્ડમાં નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગેસિસ પાર્ટી સત્તામાં છે. મેઘાલયમાં નેશનલ પીપુલ્સ પાર્ટી (એનપીપી) ની સરકાર છે. એનપીપી પૂર્વોત્તરની એકમાત્ર પાર્ટી છે, જેને રાષ્ટ્રીય દળ તરીકે માન્યતા પ્રાપ્ત છે.




મુખ્ય ચૂંટણી કમિશનરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે નાગાલેન્ડ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ માટે ૩૧ જાન્યુઆરીએ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. જે બાદ ઉમેદવારો ૭ ફેબ્રુઆરી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે. ચૂંટણી પંચની ટીમ ૮ ફેબ્રુઆરીએ નામાંકનોની ચકાસણી કરશે, જયારે ૧૦ ફેબ્રુઆરીએ નામાંકન પરત ખેંચવાની અંતિમ તારીખ છે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૭ ફેબ્રુઆરીએ તમામ બેઠકો પર એક સાથે મતદાન થશે અને ત્રણેય રાજયોના પરિણામો ૨ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર નાગાલેન્ડમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે દરેક નાગરિકને મતદાનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, પછી ભલે મત વિસ્તાર ગમે તેટલો દૂર અને દૂર્ગમ હોય. ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ માટે નોટિફિકેશન ૨૧ જાન્યુઆરીએ બહાર પાડવામાં આવશે. ત્રિપુરામાં નામાંકન માટેની છેલ્લી તારીખ ૩૦ જાન્યુઆરી નક્કી કરવામાં આવી છે.

રાજયમાં વિધાનસભાની ૬૦ બેઠકો છે. ત્રિપુરામાં અનુસૂચિત જનજાતિ માટે ૨૦ અને અનુસૂચિત જાતિ માટે ૧૦ બેઠકો અનામત છે. હાલ ત્રિપૂરામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ચૂંટણીની તારીખોની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. મેઘાલય વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ની તારીખ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી છે. રાજયની કુલ ૬૦ વિધાનસભા બેઠકો માટે ૨૭ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે. જયારે પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા રાજયમાં ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. અહીં વિધાનસભાની ૬૦ બેઠકો છે. હાલમાં નાગાલેન્ડમાં નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીની સરકાર છે અને નેફિયુ રિયો મુખ્યમંત્રી છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં અહીંની હરીફાઈ ખૂબ જ રસપ્રદ રહી હતી.

ચૂંટણી પહેલા સમીકરણો અલગ હતા, જયારે ચૂંટણી પછી ગઠબંધન અલગ થઈ ગયું. મેઘાલયમાં ૨૭ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે અને પરિણામ ૨ માર્ચે જાહેર થશે. મેઘાલયમાં વર્તમાન સરકારનો કાર્યકાળ ૧૫ માર્ચે પૂરો થઈ રહ્યો છે. મેઘાલયમાં ૬૦ વિધાનસભા બેઠકો છે.નાગાલેન્ડમાં હાલ નેફિયુ રીઓ રાજ્યના મુખ્યમંત્રી છે. તેવો રાષ્ટ્રવાદી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના નેતા છે.

જયારે ઉપ મુખ્યમંત્રી તરીકે ભાજપ નેતા યાન્થુંગુ પેટન છે. વર્ષ ૨૦૧૮માં રાષ્ટ્રવાદી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીને ૪૨ અને ભાજપેને ૧૨ બેઠક પર જીત મળી હતી. ત્રિપુરામાં વર્ષ માર્ચ ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી.

૬૦ વિધાનસભા બેઠક ધરાવતી ત્રિપુરામા ભાજપે આઈપીએફટી સાથે મળી સરકારની રચના કરી છે. જેમાં હાલ માણેક સાહા મુખ્યમંત્રી છે. જેમાં વર્ષ ૨૦૧૮માં ભાજપને ૩૪ અને આપીએફટીને ૦૫ બેઠક મળી હતી. જયારે સીપીઆઇ(એમ) ૧૫ અને કોંગ્રેસને ૧૫ બેઠક મળી હતી.

જયારે મેઘાલયમાં એનપીપીની સરકાર છે. જેમાં એનપીપીના નેતા કોનાર્ડ સંગમા રાજયના મુખ્યમંત્રી છે. ૬૦ સભ્યોની વિધાનસભામાં વર્ષ ૨૦૧૮માં એનપીપી પાર્ટીએ સૌથી વધુ ૪૪ બેઠક પર જીત મેળવી હતી. જયારે યુડીપીને ૦૮, પીડીએફને ૦૪,મ ભાજપને ૦૨, એચએસપીડીપી ને ૦૨ અને અપક્ષના ફાળે એક બેઠક ગઈ હતી. વિધાનસભામાં મેઘાલયના ત્રણ પ્રદેશોનું પ્રતિનિધિત્વ છે. જેમાં ૨૯ સભ્યો ખાસી હિલ્સમાંથી, ૭ જૈંતીયા હિલ્સમાંથી અને ૨૪ ગારો હિલ્સમાંથી ચૂંટાયેલા છે.

## મહારાષ્ટ્રમાં પૂર્વ નારાજ ધારાસભ્યએ મલ્લિકાર્જુન ખડગે પાસે પ્રદેશ પ્રમુખ નાના પટોલેને હટાવવાની કરી માગ

મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રમાં કોંગ્રેસની હાલત ચિંતાજનક છે. કોંગ્રેસ ચારે બાજુથી સાવ પડી ભાંગી રહી છે. એ ગેરસમજ છે કે સત્તા ગુમાવ્યા પછી પણ મહાવિકાસ અઘાડીની એકતા અતૂટ છે. આ સ્થિતિમાં મહારાષ્ટ્રના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેને બદલવાની જરૂર છે. આ ફરિયાદ અને માગ સાથે પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના નેતા આશિષ દેશમુખ આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા. તેમણે ફરિયાદ કરી હતી કે જયારે નાના પટોલે કોંગ્રેસના અધ્યક્ષ છે ત્યારે કોંગ્રેસ દિવસેને દિવસે ડૂબી રહી છે.

આશિષ દેશમુખે ૩૦ જાન્યુઆરીએ મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં ૫ બેઠકો માટે મતદાન પહેલાં નાસિક બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બળવો કરવા માટે પટોલેને પણ જવાબદાર ઠેરવ્યા હતા. આ સાથે તેમણે કહ્યું કે, ડિસેમ્બર ૨૦૨૧માં વિધાન પરિષદની નાગપુર બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર રવિન્દ્ર ભોઈર હતા. પરંતુ એક નાટકીય ઘટના બની હતી. અચાનક અપક્ષ ઉમેદવાર મંગેશ દેશમુખને ઉમેદવારી આપવામાં આવી હતી. જેના કારણે ભાજપના ચંદ્રશેખર બાવનકુળે જીત્યા, જેઓ આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે.

કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય આશિષ દેશમુખે કહ્યું કે, ફેબ્રુઆરી ૨૦૨૧માં અધ્યક્ષ પદની જવાબદારી સંભાળતી વખતે નાના પટોલેએ કહ્યુ હતું કે આવનારા સમયમાં તેઓ કોંગ્રેસને મહારાષ્ટ્રમાં નંબર વન પાર્ટી બનાવશે. પરંતુ તેઓ પ્રદેશ પ્રમુખ બન્યા બાદ કોંગ્રેસ સતત નીચે જતી રહી છે. તેમણે કહ્યું કે ચંદ્રકાંત હાંડોરે જૂન ૨૦૨૨ની વિધાન પરિષદની ચૂંટણીમાં નંબર વન ઉમેદવાર હતા. પરંતુ ભાઈ જગતાપને વધુ મત મળ્યા અને હાંડોરે ચૂંટણી હારી ગયા. હાઈકમાન્ડે હાંડોરેને જીતાડવા સૂચના આપી હતી, પરંતુ પરિણામ સૂચનાઓ વિરુદ્ધ આવ્યું.

ભૂતપૂર્વ ધારાસભ્યએ કહ્યું કે ૪ જુલાઈ, ૨૦૨૨ ના રોજ, શિંદે-ફડણવીસ સરકારના બહુમત પરીક્ષણ દરમિયાન વિપક્ષની એકતા જરૂરી હતી. પરંતુ કોંગ્રેસના ૧૦ જેટલા ધારાસભ્યો ફ્લોર ટેસ્ટમાંથી ગાયબ રહ્યા. તેનાથી શિંદે-ફડણવીસ સરકારની પ્રચંડ બહુમતી સાબિત થઈ. આ તમામ મામલામાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને ન તો કોઈને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. નાના પટોલેએ કહ્યું હતું કે તેઓ આ તમામ મામલામાં જવાબદારો સામે કેન્દ્રીય નેતૃત્વને રિપોર્ટ મોકલશે.

## નેતૃત્વ પરિવર્તન પર હાઈકમાન્ડ નિર્ણય લેશે : સચિન પાયલોટ

જયપુર,તા.૧૮

રાજસ્થાન કોંગ્રેસની અંદર બધુ બરાબર નથી આ વાત અનેકવાર જાહેર રીતે જોવા મળી છે.પ્રદેશના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટ સતત રાજયનો પ્રવાસ કરી રહ્યાં છે અને તેમની જાહેરસભાઓમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઇ રહ્યાં છે.સચિનનું કહેવું છે કે પેપર લીકના મોટા કસુરવારો પર કાર્યવાહી થવી જોઇએ અને નેતૃત્વ પિરવર્તન પર હાઇકમાન્ડ નિર્ણય લેશે

સચિન પાયલોટે એક સમાચાર ચેનલ સાથે વાતચીત કરતા પત્રકારે કહ્યું કે તમારી બાબતમાં કહેવામાં આવી રહ્યું છે કે તમે કયારેય મુખ્યમંત્રી બનશો નહીં તેના જવાબમાં સચિને કહ્યુ કે ભવિષ્યમાં શું થશે તે મને ખબર નથી પરંતુ અમારી જે મુડી છે તે જનતાનો પ્રેમ અને આશીર્વાગદ છે.અમારે તેને બનાવી રાખવાના છે.જે જનતાનો પ્રેમ અને લગાવ છે તે અમારા માટે મહત્વપૂર્ણ છે.તેનાથી વધું શું થઇ શકે છે.

આવરનારી વિધાનસભા ચુંટણીને લઇ સચિન પાયલોટે કહ્યુ કે અમે રાજસ્થાનમાં સરકાર બનાવીએ છીએ પરંતુ પાંચ વર્ષમાં સરકાર ચાલી જાય છે.તેમણે કહ્યુ કે આ વખતે અમારે બધાએ સાથે મળી કામ કરવું જોઇએ તમામ કોંગ્રેસી નેતાઓએ મળીને સાથે આવવું જોઇએ જનતાની વચ્ચે પહોંચવું પડશે તો જ અમે ફરીથી સરકાર બનાવવામાં સફળ રહીશું.કોંગ્રેસની અનેકવાર સરકારો રિપીટ થઇ છે.રાજસ્થાનમાં ચુંટણી થનાર છે અને આગામી પાર્ટીના તમામ નેતા સાથે કામ કરે તો અમે રાજસ્થાનમાં ફરીથી સરકાર બનાવીશું

## દિલ્હીની ૫ સ્ટાર હોટલને ૨૩ લાખનો ચૂનો ચોપડી ભેજાબાજ ફરાર

નવીદિલ્હી,તા.૧૮

દેશની રાજધાની દિલ્હીની ૫ સ્ટાર હોટલ લીલા પેલેસમાં એક વ્યક્તિએ ૨૩ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પોતાને યુએઈનો નાગરિક અને અબુધાબીના રાજવી પરિવારનો કર્મચારી ગણાવતા શખ્સે હોટલમાં રોકાણ બાદ ચેક-આઉટની નિર્ધારિત તારીખના બે દિવસ પહેલા જ હોટલને ચેક પકડાવી જાણ કર્યા વિના જ રફુચક્કર થઈ ગયો હતો. વ્યક્તિએ ભાડા માટે આપેલો ચેક બાઉન્સ થતા હોટલ મેનેજમેન્ટ દોડતું થયું છે.

આ વ્યક્તિ હોટલમાં પરત ન ફરતાં પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી ત્યારે જાણવા મળ્યું કે તે જાણી જોઈને ભાગી ગયો હતો . તેનો ઈરાદો હોટલનું ભાડું નહિ ચૂકવવાનો હતો. આ ઉપરાંત હોટલમાંથી કેટલીક કિંમતી સામાન પણ ચોરી લારી હોવાનું ભાર આવ્યું છે.

પોલીસને શંકા છે કે તેણે હોટલમાં આપેલું આઈડી નકલી છે. હોટલના સ્ટાફને વિશ્વાસમાં લેવા તેણે અગાઉ ૧૧.૫ લાખ રૂપિયા ભાડા તરીકે આપ્યા હતા. હોટલના કર્મચારીઓને જરા પણ શંકા ન હતી કે તે વ્યક્તિ તેમની સાથે છેતરપિંડી કરીને ત્યાંથી નીકળી શકે છે. આ વ્યક્તિની ઓળખ મોહમ્મદ શરીફ તરીકે થઈ છે. હોટેલમાં તેનું ૨૩.૫ લાખ રૂપિયા બિલ બાકી છે.

હોટલ મેનેજમેન્ટ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ શરીફે હોટલ અધિકારીઓને જણાવ્યું હતું કે તે યુએઈમાં રહે છે અને અબુ ધાબીના શાહી પરિવારના સભ્ય શેખ ફલાહ બિન જાયદ અલ નાહયાનની ઓફિસમાં કામ કરે છે. શરીફ ૧ ઓગસ્ટના રોજ લીલા પેલેસ આવ્યા હતા અને ૨૦ નવેમ્બર સુધી રોકાયા હતા. આ પછી તે કોઈ માહિતી આપ્યા વિના ગાયબ થઈ ગયો.

હોટલનું કુલ બિલ ૩૫ લાખ રૂપિયા હતું. શરીફે અગાઉ રૂ. ૧૧.૫ લાખની ચૂકવણી કરી હતી અને બાકીની રકમનો ચેક આપ્યો હતો. તે ૨૨ નવેમ્બર સુધી હોટલમાં રહેવાનો હતો પરંતુ તેના બે દિવસ પહેલા તે ગુમ થઈ ગયો હતો. જતી વખતે તેણે રૂમમાંથી કેટલીક કિંમતી સામાન પણ લીધો હતો. જયારે હોટેલે તેમના દ્વારા આપવામાં આવેલ ચેકને કેશ કર્યો તો તે બાઉન્સ થયો કારણ કે શરીફના ખાતામાં પૈસા ન હતા.

પોલીસનું કહેવું છે કે શરીફે હોટલમાં ચેક-ઈન કરવા માટે બિઝનેસ કાર્ડ, યુએઈ રેસિડેન્ટ કાર્ડ અને અન્ય દસ્તાવેજો આપ્યા હતા. પોલીસને શંકા છે કે આ તમામ દસ્તાવેજો નકલી છે. પોલીસ હવે તેના દ્વારા આપવામાં આવેલા દસ્તાવેજોની તપાસ કરી રહી છે.

## દરેકને સન્માન સાથે મરવાનો અધિકાર છે, ઈચ્છામૃત્યુના નિયમોમાં સુધારો કરવા સુપ્રીમ કોર્ટ તૈયાર

### કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ.

નવીદિલ્હી,તા.૧૮

નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ પર ઐતિહાસિક ચુકાદો આપ્યાના ચાર વર્ષ બાદ સુપ્રીમ કોર્ટ ૨૦૧૮ના નિર્દેશોમાં સુધારો કરવા સંમત થઈ છે. કોર્ટે કહ્યું છે કે જે લોકો ગંભીર રીતે બીમાર છે અને જીવન નિર્વાહ કરી રહ્યા છે તેમને સન્માન સાથે મરવાનો અધિકાર છે. તેને કાયદાકીય ગૂંચમાં ન ફસાવી જોઈએ અને તબીબી નિષ્ણાતોએ પણ આ બાબતે સંજ્ઞાન લેવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ.

જસ્ટિસ કેએમ જોસેફની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, કોર્ટે મૃત્યુના અધિકારને પણ મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. હવે તે જટિલ ન હોવું જોઈએ. આ બેંચમાં જસ્ટિસ અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષિકેશ રોય અને જસ્ટિસ સીટી રવિકુમાર સામેલ હતા. બેન્ચે કહ્યું કે લિવિંગ વિલને લઈને ૨૦૧૮માં બનાવવામાં આવેલી માર્ગદર્શિકામાં સુધારાની જરૂર છે. પરંતુ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું પડશે કે તેનો દુરુપયોગ ન થાય. ૨૦૧૮ના ચુકાદા મુજબ, લિવિંગ વિલ કોઈપણ પુખ્ત વ્યક્તિ કરી શકે છે અને તેના પર બે પ્રમાણિત સાક્ષીઓની હાજરીમાં સહી કરવી પડે છે અને પછી સંબંધિત ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

નિયમ મુજબ, જો દર્દીનું મૃત્યુ થાય અને લાંબી સારવાર પછી પણ તેમાં સુધારો થવાનો કોઈ અવકાશ ન હોય તો, ડોકટરોએ જનરલ મેડિસિન, કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, નેફ્રોલોજી, સાયકિયાટ્રી અને ઓક્રોલોજીના તબીબોનો સમાવેશ કરીને નિષ્ણાતોનું એક બોર્ડ બનાવવું પડે છે. મેડિકલ બોર્ડના પ્રમાણપત્ર પછી, ડીએમ બીજા બોર્ડની રચના કરે છે. જો હોસ્પિટલનું મેડિકલ બોર્ડ સારવાર બંધ કરવાની પરવાનગી નહીં આપે તો પરિવારજનો હાઈકોર્ટમાં જઈ શકે છે. એક મેડિકલ બોર્ડ પણ બનાવવામાં આવે છે, જેના અભિપ્રાય પર હાઈકોર્ટ નિર્ણય લે છે.

અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અરવિંદ દાતાર અને પ્રશાંત ભૂષણે રજૂઆત કરી હતી કે આ ત્રણ તબક્કાની પ્રક્રિયા ૨૦૧૮ના સમગ્ર ચુકાદાને રદ કરે છે. અત્યાર સુધી એવું બન્યું નથી કે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ ઈચ્છતી વ્યક્તિ આ પ્રક્રિયા પૂર્ણ કરી શકી હોય. ડૉક્ટરો ભગવાન નથી જે દરેક બાબતની નક્કર માહિતી આપી શકે. તેઓ હવામાનશાસ્ત્રીઓ જેવા છે જે વિજ્ઞાનના આધારે કહે છે. અમે મેડિકલ સાયન્સના નિષ્ણાત નથી. તેથી, માર્ગદર્શિકામાં સુધારો કરતી વખતે ખૂબ કાળજી લેવાની જરૂર છે.

## ફિલ્મો પર બિનજરૂરી ટિપ્પણીઓ કરવાથી બચો : પીએમ મોદીની નેતાઓને સલાહ

નવીદિલ્હી,તા.૧૮

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ અભિનિત ફિલ્મ પઠાણને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના નેતાઓન ફિલ્મો પર બિનજરૂરી ટિપ્પણીઓ કરવાથી બચવાની સલાહ આપી છે.

પીએમ મોદીની આ શિખામણ બોયકોટ ટ્રેન્ડમાં ભાગ લેનારા ભાજપના નેતાઓ માટે હતી. દિલ્હીમાં ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ થયેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેઠક દરમિયાન પીએમ મોદીએ નેતાઓને સ્પષ્ટ રીતે આ શિખામણ આપી. ભાજપના અનેક નેતાઓ ખુલ્લેઆમ પઠાણ ફિલ્મના બોયકોટની જાહેરાત કરી ચૂક્યા છે. એક રિપોર્ટ મુજબ પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો કોઈ ફિલ્મ પર નિવેદન આપે છે અને પછી તે આખો દિવસ ટીવી અને મીડિયામાં ચાલે છે. આવા બિનજરૂરી નિવેદનોથી બચવું જોઈએ. અત્રે જણાવવાનું કે શાહરૂખ ખાનની ફિલ્મ પઠાણ ૨૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મમાં ભગવા રંગના કપડાંના ઉપયોગને લઈને રામ કદમ અને નરોત્તમ મિશ્રા સહિત અનેક ભાજપ નેતાઓ બોટકોટનું આહ્વાન કરી ચૂક્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# તકરાર યથાવત

હાલમાં જ કેન્દ્રીય કાયદામંત્રી કિરણ રિજિજુએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને એ આશયનો પત્ર લખ્યો કે તેના કોલેજિયમમાં સરકારના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવે, તે દેશનું ધ્યાન ખેંચનારી બાબત છે. રિજિજુનું સૂચન છે કે જેમ સુપ્રીમ કોર્ટ કોલેજિયમમાં કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓને સામેલ કરવા જોઈએ, એવી જ રીતે હાઈકોર્ટના કોલેજિયમમાં રાજ્ય સરકારના પ્રતિનિધિઓને પણ સામેલ કરવા જોઈએ. એ પત્ર પર સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની પ્રતિક્રિયા આવે ત્યારે ખરું, પરંતુ એ સમજવું જોઈએ કે ઉચ્ચતર ન્યાયપાલિકામાં ન્યાયાધીશોની નિયુક્તિની વર્તમાન વ્યવસ્થા ના તો બંધારણને અનુરૂપ છે કે ના લોકતાંત્રિક મૂલ્યોને અનુરૂપ. ન્યાયાધીશોની નિયુક્તિ વ્યવસ્થામાં એટલા માટે સંશોધન-પરિવર્તન કરવું જોઈએ, કારણ કે રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (એનજેએસી)ને રદ્દ કરતી વખતે ખુદ સુપ્રીમ કોર્ટે જ આ વ્યવસ્થામાં સુધાર કરવાની જરૂરિયાત રેખાંકિત કરી હતી. ત્યારબાદ એ દિશામાં શી પ્રગતિ થઈ એ કોઈ નથી જાણતું!

કોલેજિયમ વ્યવસ્થાનું નિર્માણ બંધારણે નથી કર્યું. તેનું નિર્માણ ખુદ સુપ્રીમ કોર્ટે કર્યું અને એવું કરીને ન્યાયાધીશોની નિયુક્તિ અને બદલીના અધિકાર સંપૂર્ણ રીતે પોતાના હાથમાં લઈ લીધા. એવું વિશ્વના કોઈ પ્રતિષ્ઠિત લોકતાંત્રિક દેશ, ત્યાં સુધી કે બ્રિટન અને અમેરિકામાં પણ નથી થતું. આખરે જ્યારે કોઈ દેશમાં ન્યાયાધીશ જ ન્યાયાધીશોની નિયુક્તિ નથી કરતા તો ભારતમાં એવું કેમ થવું જોઈએ? આ એવો પ્રશ્ન છે, જેનો કોઈ સ્પષ્ટ જવાબ આપવાને બદલે એવા ખોખલા તર્ક આપવામાં આવે છે કે આ ધારણા ખોટી છે કે ભારતમાં ન્યાયાધીશ જ ન્યાયાધીશોની નિયુક્તિ કરે છે. આવા તર્ક આપીને સત્યથી મોં ફેરવવાની કોશિશ કરવામાં આવે છે. સમસ્યા માત્ર એ નથી કે કોલેજિયમ વ્યવસ્થા બંધારણની ભાવનાથી પ્રતિકૂળ છે. સમસ્યા એ પણ છે કે તે અપારદર્શી પણ છે. તેમાં જવાબદારીનો પણ અભાવ છે. કોલેજિયમમાં સામેલ ન્યાયાધીશો ઉપરાંત અન્ય કોઈને નથી ખબર પડતી કે કોઈ ન્યાયાધીશની નિયુક્તિ કે પદોન્નતિ કેમ કરવામાં આવી? એનાથી પણ વિચિત્ર એ છે કે કોલેજિયમના નિર્ણયોની પ્રક્રિયાની વિગતો આપવાનો પણ ઈનકાર કરી દેવામાં આવે છે. વાસ્તવમાં આ જ કારણે કોલેજિયમ વ્યવસ્થાનો વિરોધ થતો આવ્યો છે. તે આગળ પણ થતો જ રહેશે, કારણ કે આ વ્યવસ્થા લોકતાંત્રિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે. તેનો કોઈ મતલબ નહીં કે ન્યાયાધીશોની નિયુક્તિઓમાં કાર્યપાલિકાની કોઈ ભૂમિકા જ ન હોય. એ સમજાય છે કે સુપ્રીમ કોર્ટ એવી અપેક્ષા રાખે કે ન્યાયાધીશોની નિયુક્તિઓમાં કાર્યપાલિકા જ સંપૂર્ણ રીતે પ્રભાવી ન થઈ જાય, પરંતુ તેનો અર્થ એ પણ નથી કે તેની કશી ભૂમિકા જ ન હોય. હાલમાં ન્યાયાધીશોની નિયુક્તિઓમાં કાર્યપાલિકાની ભૂમિકા પોસ્ટમાસ્તર જેવી જ છે. સ્પષ્ટ છે કે આ સ્થિતિ યોગ્ય નથી અને તેમાં પરિવર્તન જ સમયની માંગ છે.

# દુનિયાના સૌથી વધુ વસ્તીવાળા દેશ તરીકેની ઉજવણી માટે દેશને વધુ એક એક બાળકની ભેટ આપવા હાકલ!!!

" ગિરઘરભાઇ હવેના દિવસો હિન્દુસ્તાનના છે. હવે પેલા કવિએ વરસો પહેલાં ગાયેલું તેમ હરખ હિન્દુસ્તાન સાચું પડવાનું છે." બોલો, તમને કંઇ ટપો પડ્યો ?? રાજુ રદી કાયમ ઘડમાથા વગરની વાતો કરે છે. આપણે માથા પછાડીએ તો પણ તેનો મર્મ ન સમજી શકીએ!! લાગે છે કે રાજુ ફેંકવામાં સાહેબને પરાસ્ત કરશે અને રાજુ રદીનો પરચમ લહેરાવશે.

" રાજુ રદી કયાં ગામે ચોકડું ગોઠવાયું. કેટલો વાંકડો આપવો પડ્યો?" મેં જૂની કેસેટ ચડાવી.

" ગિરધરભાઇ વ્યકિતગત ગમા, અણગમા, સુખ દુખથી ઉપર ઊઠીને દેશની ઉપલબ્ધિ પર ગૌરવ અને ગર્વ અનુભવવાની આવશ્યકતા છે. હું પણ રાહુલ ગાંધીની જેમ મારી દાદી અને મા જેવી કન્યા મળશે એટલે ચટ મંગની પટ બ્યાહ એટલે કે ઘડિયા લગ્ન કરીશ." કોઇ સભામાં જુસ્સાભેર ભાષણ કરતો હોય તેમ રાજુ રદીએ ભાષણનું રેશન આપ્યું.

" વાહ રાજુ વાહ!! હમણા ગણતંત્ર દિવસ આવનાર છે. દિલ્હી તરફથી દેશપ્રેમનો વાયરો ફૂંકાયો છે કે શું??" મે રાજુને સવાલ કર્યો!

" જુઓ ગિરધરભાઇ. આપણને જી-ટવેન્ટીની અધ્યક્ષતા એક વરસ માટે મળી છે. સીઆઇએ કહે છે કે સાહેબને લીધે પરમાણું યુધ્ધ અટક્યું છે. હવે કદાચ આવતા વરસે નોબેલ એવોર્ડ પાકા ફળની માફક આપણને મળવાની પાકી વકી છે. જેનાથી આપણી પ્રસિધ્ધિ અને પ્રચારની ભૂંડી ભૂખ ઓછી થશે અને દેશની સળગતી સમસ્યા તરફથી પ્રજાનું ધ્યાન ડાયવર્ટ કરી શકીશું." રાજુએ મૌલિક ફંડા રજૂ કર્યો!!

" રાજુ. સાહેબની વાત ન્યારી છે. લાલ આંખ કરી તો ચીન ધ્રુજી ઊઠેલું !!" મેં જૂનો પ્રસંગ યાદ કર્યો.

" ગિરઘરભાઇ. ફટાકડા મંગાવી લો" રાજુએ ઓર્ડર કર્યો.

" રાજુ લોકસભાની ચૂંટણીને દોઢ વરસની વાર છે. બીજી ચૂંટણી દૂર દૂર ક્ષિતિજે દેખાતી નથી. બીજા પક્ષોને આંતરિક ચૂંટણી ન કરવા માટે આપણે ટોણો મારીએ છીએ અને જેપીને ૨૦૨૪ સુધી રીપીટ કર્યા છે , પણ ફટાકડા ફોડવાની સૂચના અપાઈ નથી!!" મેં વિપક્ષનો રોલ ભજવી એજી જેવો વાંધો કાઢ્યો.

" ગિરધરભાઇ .ડીજે ઢોલનગારા, શરણાઈ, ત્રાંસા, ડ્રમ વગેરે મંગાવી લો." રાજુનો બીજો હુકમ.

" હમમ્ રાજુ!!"

" કાજુ કતરી, મિઠાઇ , મેસુબ, મોહનથાળ મંગાવી લો" રાજુનો ત્રીજો હુકમ.

" ઓકે, રાજુ!"

" અબીલ ગુલાલ, રંગો પણ મંગાવી લો." રાજુનો ચોથો હુકમ.

"ઠીક છે, રાજુ."

બીજું બધું ઓગણીસ-એકયાંશી હશે તો પડ્યું પાનું માની નિભાવી લઇશું . પણ ફોટો-વિડીયોની કવોલિટીમાં કોઇ કોમ્પ્રોમાઇઘ નહીં કરવાનું. સાહેબની યુનિવર્સલ ઈમેજ અને બ્રાંડીંગનો સવાલ છે!! બધી ચેનલ મિડીયાને જાહેરખબરના દરે ફીડ-કન્ટેન્ટ આપવાનું છે. બધા લાઈવ આરતી ઉતારે તેવું જડબેસલાક ઈવેનિટ પ્લાનિંગ કરવાનું છે.!!!" રાજુએ પરફેકટલી હેતુ સમજાવ્યો!!

" રાજુ . એ તો બધુ સમજ્યા . પરંતું, કંઇ ઈવેન્ટ માટે આ લમણા ફોડવાના છે??" મેં અકળાઇને પૂછયું!!

" ગિરધરભાઇ .દુનિયાની વસ્તી આઠ અબજનો આંકડો પાર કરી છે. ભારત ૨૦૨૩માં ચીનને પાછળ છોડી વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. ગલવાન ઘાટી કે ચીનની આયાતના મામલે કે ચાઇનીઝ માલના ડમ્પિંગમાં ચીનને ધોબીપછાડ શિકસ્ત આપી શકયા નહીં પણ વસ્તી વૃદ્ધિના મામલે કરારો જવાબ આપી ચીનની બોલતી બંધ કરી નાંખી છે!!ચીનની તાકાત છે કે આપણને ટક્કર આપી શકે??સંયુક્ત રાષ્ટ્રના આર્થિક, સામાજિક બાબતોના વિભાગ પોપ્યુલેશન ડિવિઝનના 'વર્લ્ડ પોપ્યુલેશ પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૨'ના રિપોર્ટ મુજબ ભારત વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ વસતી ધરાવતા દેશ તરીકે ચીનને પાછળ પાડી દેશે. આ રિપોર્ટ મુજબ ભારતમાં વર્ષ ૨૦૫૦ સુધીમાં વસતી ૧૬૬.૮ કરોડ હશે જ્યારે આ સમયે ચીનની વસતી ૧૩૧.૭ કરોડથી વધુ હશે.. આ કંઇ સિધ્ધિ જેવી તેવી નથી. આપણી તનતોડ પલંગતોડ આકરી મહેનતનું સુભગ પરિણામ છે. વિપક્ષો આમાં પણ કાવતરું અને વિદેશી હાથ હોવાની શંકા કરીને આપણી અપ્રતિમ સિધ્ધિને ઝાંખી કરવા મથશે!! હંગર ઈન્ડેકસ ,

ગરીબી , બેરોજગારી બાદ આપણી અપયશ કલગીમાં વધુ એક ઝાંખરું ( કલગી તો કંઇ રીતે કહી શકાય?) ઉમેરાશે!!" રાજુએ ગૌરવમાંથી કહી !!

" રાજુ આ ઉજવણીમાં દરેક ભારતીય યોગદાન આપી શકે? મેં કહ્યું.

"ગિરઘરભાઇ ,કેવી રીતે?? " રાજુએ આતુરતાથી પૂછયું.

" દરેક ભારતીય એક એક બાળક રાષ્ટ્રને ચરણે ધરી યોગદાન આપી શકશે!! જરૂરત છે દ્રઢ નિર્ધારની !!" આટલું બોલી મે ત્યાંથી સરકી જવાનું મુનાસિબ સમજ્યું!!!

ભરત વૈષ્ણવ

૧૮.૧.૨૦૨૩.

# યુપીની ૩૦ જેટલી જેલોમાં ૯૭૬ લાખ રૂપિયાના ખર્ચે ક્લોઝ સર્કિટ કેમેરા લગાવવામાં આવશે

લખનૌ,તા.૧૮

માફિયા-ગુનેગારોની મોજ-મસ્તી માટે કુખ્યાત યુપીની ઘણી જેલોમાં 'ચાલકી'ને તાત્કાલિક રોકવા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ માટે મોટા બજેટની જરૂર હતી. જેને યોગી આદિત્યનાથની સરકારે લીલી ઝંડી આપી દીધી છે. આ યોજના પર ૯ અબજ (લગભગ ૯૭૬ લાખ) થી વધુ ખર્ચ કરવામાં આવશે. હા, આટલી મોટી રકમ ખર્ચ્યા બાદ રાજ્ય સરકારને આશા છે કે જેલોની અંદર અત્યાર સુધી ચાલતી ચાલાકી પર ચોક્કસ અંકુશ આવશે. આ કવાયતમાં માફિયા ડોન મુખ્તાર અંસારી જેલમાં કેદ છે તે બાંદા જેલમાં પણ નવા કેમેરા લગાવવામાં આવી રહ્યા છે.

આ તમામ હકીકતોને તાજેતરમાં ખુદ રાજ્યના ગૃહ વિભાગે સમર્થન આપ્યું છે. જેમની દેખરેખ હેઠળ રાજ્યની જેલો ચાલે છે. યોજના મુજબ, ૭૦ થી વધુ જેલોમાંથી ૩૦ જેટલી જેલોમાં ૯૭૬ લાખ રૂપિયાના ખર્ચે ક્લોઝ સર્કિટ કેમેરા લગાવવામાં આવશે. એવું નથી કે આ જેલોમાં પહેલા કેમેરા નહોતા. જે કેમેરા હતા તે સંખ્યા ઓછા હતા. જ્યારે આ ૩૦ જેલોમાં સીસીટીવી કેમેરાની જરૂરિયાત વધી છે. આ ૩૦ જેલોની યાદી બનાવવા માટે ગૃહ વિભાગે ઘણા સમય પહેલા એક સમિતિની રચના કરી હતી.

રાજ્યની ૭૦ થી વધુ જેલોમાંથી કઈ ૩૦ જેલોને વધુ સીસીટીવી કેમેરાની જરૂર છે તે કોણે નક્કી કર્યું? જ્યારે જરૂરિયાતમંદ જેલોની ઓળખ કરવામાં આવી ત્યારે આંકડો દોરવામાં આવ્યો કે, કઈ જેલમાં હજુ કેટલા નવા કેમેરાની જરૂર છે અને શા માટે? આ તમામ મુદ્દાઓને દર્શાવતી દરખાસ્ત ગયા વર્ષે ગૃહ વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. તે પછી જ નિર્ણય લેવામાં આવ્યો છે કે આ ૩૦ જેલો સિવાય ૨૦ જેલોમાં જૂના કેમેરા પણ બદલવાના છે. તેમજ આ જેલોમાં પણ નવા સીસીટીવી કેમેરાની સંખ્યા વધારવી જોઈએ. આ ૨૦ જેલો પર જેલ દીઠ ૬ લાખ રૂપિયા ખર્ચ કરવાની યોજના બનાવવામાં આવી છે. આ કામ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થવાની આશા છે.બીજી તરફ ઉત્તર પ્રદેશ જેલના મહાનિર્દેશક આનંદ કુમારનું કહેવું છે કે જેલોમાં દેખરેખ રાખવા માટે સીસીટીવીથી સારો કોઈ રસ્તો નથી.તેથી જ ૩૦ જેલોમાં ૯૩૩ સીસીટીવી કેમેરા લગાવવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ ૯૩૩ કેમેરામાંથી ૬૭૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. નવા કેમેરા લગાવવાની સાથે જૂના કેમેરા હટાવવાની કામગીરી પણ ચાલી રહી છે.

અત્યાર સુધી આ જેલોમાં એક જેલમાં ૩૦ થી ૩૪ સીસીટીવી કેમેરા હતા. જે હવે વધીને જેલ દીઠ ૫૦ થી ૬૦ થઈ ગયા છે. આગ્રા જિલ્લા જેલમાં મહત્તમ (૪૬) કેમેરા લગાવવામાં આવ્યા છે. સેન્ટ્રલ જેલ બરેલી, આગ્રા, ફતેહગઢ, નૈની. વારાણસી જેલમાં આ કામ પૂર્ણ થયું છે. જ્યારે બુલંદશહેર, કાનપુર અને કાનપુર દેહાત, મિર્ઝાપુર, ફૈઝાબાદ, ઉન્નાવ, બાંદા, બારાબંકી, ગાઝિયાબાદ (ડાસના), મુઝફ્ફરનગર, ચિત્રકૂટ, ગોરખપુર વગેરે જિલ્લા જેલોમાં જૂના સીસીટીવી કેમેરા બદલવા અને નવા સીસીટીવી કેમેરા લગાવવાનું કામ ચાલી રહ્યું છે. . અત્રે ઉલ્લેખનીય છે કે બાંદા જેલમાં જ્યાં સીસીટીવી કેમેરા બદલવાનું કામ ચાલી રહ્યું છે ત્યાં માફિયા ડોન મુખ્તાર અંસારી પણ કેદ છે.

# અજીત ડોભાલની પત્નીને ચરમપંથીઓ માટે પહેલીવાર સુઅરનું માસ પકાવવું પડયું હતું

નવીદિલ્હી,તા.૧૮

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(એનએસએ) અજીત ડોભાલની ઓળખ એક ફાયરબ્રાન્ડ જાસુસ અને રક્ષા નિષ્ણાંત તરીકે રહી છે.તેમના કામની પ્રશંસા કાશ્મીરથી લઇ પંજાબ અને નોર્થ ઈસ્ટ સુધી થઇ છે.મિઝોરમમાં ફીલ્ડ મેનના રૂપમાં કામ કરતા અજીત ડોભાલના ભૂમિગત થઇ ચુકેલા લોકોથી સારા સંબંધ હતાં.

એક અખબારે વર્ષ ૨૦૦૬માં અજીત ડોભાલનું એક ઈટરવ્યું છાપ્યું હતું તે મુલાકાતમાં ડોભાલે એક ખુબ જ હતપ્રભ કરનારી ઘટના બાબતે જણાવ્યું હતું હકીકતમાં તેમણે એક વાર મિઝો નેશનલ ફ્રંટના વિદ્રોહીઓને પોતાના ઘરે ભોજન માટે બોલાવ્યા હતાં લાલડેંગાના નેતૃત્વવાળા આ ફ્રંટને ત્યાર ખુબ ખતરનાક માનવામાં આવતુ હતું ડોભાલ ખુદ જણાવે છે કે ભોજન પર વિદ્રોહી પોતાની સાથે ભારે હથિયારો લઇને આવ્યા હતાં ત્યારે ડોભાલે તેમને આશ્વાસન આપ્યું હતું કે તે તમામ સુરક્ષિત છે.તેનાથી પણ રસપ્રદ વાત એ છે કે અજીત ડોભાલની પત્નીએ તે વિદ્રોહીઓ માટે સુઅરનું માંસ બનાવ્યું હતું જયારે આ પહેલા તેમણે કયારેય સુઅરનું માંસ પકાવ્યું ન હતું. લાલડેંદા દ્વારા બનાવવામાં આવેલ મિઝો નેશનલ ફ્રંટ ૬૦ના દાયકામાં સશસ્ત્ર સંઘર્ષ માટે જાણીતા હતાં લાલડેંગો મિઝો ક્ષેત્રની વસ્તી માટે ૧૬ વર્ષ સુધી ગુરિલ્લા આંદોલન ચલાવ્યું હતકું ૧૯૮૬માં ભારત સરકાર અને મિઝો નેશનલ ફ્રંટની વચ્ચે મિઝોરમ શાંતિ સમજૂતિ થઇ આ મિઝોરમમાં વિદ્રોહ અને હિંસાને સમાપ્ત કરવા માટે એક સત્તાવાર સમજુતિ હતી જે ૧૯૬૬માં શરૂ થઇ હતી.બીબીસીએ પોતાના એક રિપોર્ટમાં કરાંચીમાં ભારતના કાઉસિલ જનરલ રહેલ જી પાર્થસાર્થીના હવાલા પરથી જણાવ્યું હતું કે અજીત ડોભાલે જ સૌથી પહેલા નવાજ શરીફનો સંપર્ક સ્થાપિત કર્યો હતો વર્ષ ૧૯૮૨માં ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન પ્રવાસ પર ગઇ હતી જયારે ટીમ લાહૌર પહોંચી તો અજીત ડોભાલના જ કહેવાત પર નવાજ શરીફે પોતાના ઘરની લોમાં ભારતીય ખેલાડીઓને દાવત આપી હતી.

# જોશીમઠમાં ૨૩૭ પરિવાર શિફ્ટ, એક રૂમમાં ત્રણ-ત્રણ પરિવાર, રાત્રે સૂઈ પણ નથી શકતા

જોશીમઠ,તા.૧૮

ઉત્તરાખંડના જોશીમઠમાં વધુ ૨૩ ઘરમાં તિરાડો પડી છે. મંગળવાર સુધી સરવે ટીમે ૮૪૯ તિરાડો ધરાવતા ઘર ઓળખીને ક્રોસ માર્ક કર્યા છે. તેમાંથી ૧૫૫ ખાનગી અને દસ વેપારી મકાન સંપૂર્ણપણે અસુરક્ષિત મનાયાં છે. આ કારણસર અત્યાર સુધી તેમાં રહેતા ૨૩૭ પરિવારને સુરક્ષિત સ્થળે ખસેડી દેવાયા છે. વિસ્થાપિત પરિવારોમાંથી ૫૮ ભાડાનાં મકાનોમાં રહેવા જતા રહ્યા છે. બાકીના લોકોની વ્યવસ્થા સરકારે કરી છે.

આ દરમિયાન દર્દ અને લાચારીની પણ તસવીર સામે આવી છે. વિસ્થાપિત પરિવારોને તંત્રએ હોટલોમાં આશરો આપ્યો છે, પરંતુ મુશ્કેલી એ છે કે એક રૂમમાં ત્રણ-ત્રણ પરિવારને રખાયા છે. તેથી તેમને સૂવાની પણ યોગ્ય જગ્યા મળતી નથી. સૌથી વધુ મુશ્કેલી એ મહિલાઓને છે, જેમનાં બાળક છ મહિના સુધીના જ છે. જોકે, રાહતની વાત એ છે કે ખાવા-પીવાની કોઈ મુશ્કેલી નથી. તમામ શિબિરો અને હોટલોમાં તંત્રએ ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત જોશીમઠનાં બજારોમાં પણ કોઇ ચીજવસ્તુની અછત નથી.

બીજી તરફ, તંત્રએ નક્કી કર્યું છે કે, જોશીમઠમાં સૌથી નીચેના હિસ્સામાં વસેલી જે.પી. કોલોનીમાં ભવિષ્યના જોખમને જોતા અસરુક્ષિત ઘરોને તોડી પડાશે. અહીં કેટલાંક ઘરોમાં તિરાડોમાંથી પાણી પડવાનું પ્રમાણ ઘટ્યું છે. જોશીમઠમાં પહેલાં ૫૪૦ લિટર પ્રતિ મિનિટ પાણી પડતું હતું, જે મંગળવારે ૧૬૩ લિટર પ્રતિ મિનિટ થઇ ગયું છે.

પહેલી ફેબ્રુઆરીએ જોશીમઠની તમામ દસ સ્કૂલમાં શિયાળુ વેકેશન પૂરું થઇ જશે. સ્કૂલ જતાં બાળકો અને તેમનાં વાલીઓને ચિંતા એ છે કે,તંત્રએ આશરો આપ્યો છે ત્યાંથી સ્કૂલ દૂર છે. આ ઉપરાંત એક રૂમમાં ૧૬ લોકો રહે છે. આ સ્થિતિમાં બાળકોને પરીક્ષાની તૈયારીમાં મુશ્કેલી પડી રહી છે.

હાઇસ્કૂલ વિદ્યાર્થિની પલ્લવી રાણા કહે છે કે જ્યારથી આ આફત આવી છે ત્યારથી હું વાંચી નથી શકી. કુદરતી આફતની વાત મગજમાંથી જતી જ નથી. બીજી તરફ, રાજ્ય સરકારે બોર્ડના વિદ્યાર્થીઓને તેમનું પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાની છૂટ આપી છે.

હવામાન વિભાગે કહ્યું છે કે જોશીમઠ, ઓલી સહિત અન્ય વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ પડી શકે છે. તેનાથી તંત્રની સાથે રાહત શિબિરોમાં રહેતા લોકોની ચિંતા વધી ગઇ છે.

### અલગ છે

હું ક્યાંય હવાઇ જતો નથી,
છોકરીની વાત અલગ છે.
હું ક્યાંય ઝૂકી જતો નથી,
નોકરીની વાત અલગ છે.
હું ક્યાંય બંધાઇ જતો નથી,
ટોકરીની વાત અલગ છે.
હું ક્યાંય ભાગી જતો નથી,
દિલની ચોરીની વાત અલગ છે
હું ક્યાંય લબડી જતો નથી,
ગૌરીની વાત જ અલગ છે!!
હું ક્યાંય લપાઇ જતો નથી,
બૈરીની વાત જ અલગ છે

ભરત વૈષ્ણવ
૧૮.૧.૨૦૨૩.

# મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધનની સરકાર લોકોની વચ્ચે ભેદભાવ પેદા કરી રહી છે : આદિત્ય ઠાકરે

મુંબઇ,તા.૧૮

શિવસેના(યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે તેમની પાર્ટીમાં એક મોટાપાયે પરિવર્તન થયું છે. જે કયારેક પોતાની આક્રમક ભૂમિપુત્રોની રાજનીતિ માટે જાણતી હતી. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે પોતાના પિતા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના જુથ દ્વારા આયોજીત રોજગાર મેળામાં બોલી રહ્યાં હતાં.૩૨ વર્ષીય આદિત્ય ઠાકરેએ કહ્યું કે શિવસેનામાં આમૂલ પરિવર્તન થયું છે જે માટીના પુત્રોના અધિકારો માટે આંદોલન શરૂ કરતી હતી. હવે અમે માટીના પુત્રો ખાસ કરીને યુવાનોના મુદ્દાને સંબોધિત કરવા માટે નોકરી મેળો આયોજિત કરીએ છીએ એક નવી અને મજબુત શિવસેના બની રહી છે કારણ કે યુવા તેનો હિસ્સો બની રહ્યાં છે. આદિત્ય ઠાકરેએ કહ્યું કે ભાજપની ગઠબંધન સરકાર અને એકનાથ શિંદેના નેતૃત્વ વાળી બાલાસાહેબંચી શિવસેનાએ લોકોને વિભાજીત કરવા સિવાય કંઇ કર્યું નથી ગત અનેક મહીનાઓથી આદિત્ય ઠાકરે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહારો કરી રહ્યાં છે.એ યાદ રહે કે ૨૨ ડિસેમ્બરે ભાજપ નેતા નિતેશ રાણેએ દિશા સાલિયાન મોતના મામલામાં શિવસેના નેતા આદિત્ય ઠાકરેનો નાર્કો ટેસ્ટ કરાવવાની માંગ કરી હતી જયારે આ મામલા પર આદિત્ય ઠાકરેએ કહ્યું કે મહારાષ્ટ્રની શિંદે સરકાર એક ૩૨ વર્ષના યુવાથી ગભરાઇ ગઇ છે.આદિત્ય ઠાકરેએ કહ્યું કે એક નવયુવાને મહારાષ્ટ્ર સરકારને ધ્રુજાવી રાખી દીધી છે. આદિત્ય ઠાકરેએ કહ્યું કે આ લોકોના પણ જવાન પુત્ર અને પુત્રીઓ છે.

એ યાદ રહે કે દિશા સાલિયાન મામલામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે વિશેષ તપાસ ટુકડી (એસઆઇટી)ની રચનાની જાહેરાત કરી હતી ફડનવીસે કહ્યું હતું કે દિશા સાલિયાનનો મામલો પહેલા જ મુંબઇ પોલીસની પાસે છે અને જેમની પાસે પણ પુરાવા છે તેને તેઓ એસઆઇટીને આપી શકે છે.તેમણે ભાજપના ધારાસભ્યો અને એકનાથ શિંદે જુથના શિવસેના ધારાસભ્યોની માંગ પર આ મામલાની તપાસ એસઆઇટીને સોંપી છે.

# કિરોડીલાલ મીણા અને સચિન પાયલોટ જો તેમની સાથે આવી જાય તો તે રાદસ્થાનમાં સરકાર બનાવી શકે છે : સાંસદ હનુમાન બેનીવાલ

જયપુર,તા.૧૮

વર્ષ ૨૦૨૩ના અંત સુધી થનાર રાજસ્થાન વિધાનસભા ચુંટણીને લઇ રાજયમાં તમામ રાજકીય પક્ષો સક્રિય થઇ ગયા છે.રાદસ્થાનના નાગૌરથી સાંસદ અને રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીના પ્રમુખ હનુમાન બેનીવાલે સચિન પાયલોટને એક ઓફર આપી છે.સાંસદ હનુમાન બેનીવાલે પેપર લીકના મુદ્દા પર જયપુરમાં ચાલી રહેલ વિરોધ પ્રદર્શન દરમિયાન મીડિયા સાથે વાત કરતા કહ્યું કે કિરોડીલાલ મીણા અને સચિન પાયલોટ જો તેમની સાથે આવે તો તે રાજસ્થાનમાં સરકાર બનાવી શકે છે.હનુમાન બેનીવાલ રાજસ્થાનના નાગૌરથી સાંસદ છે તે રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (આરએલપી)ના પ્રમુખ છે.આરએલપીએ રાજસ્થાનના પાટનગર જયપુરમાં પેપર લીક મામલાને લઇ એક વિરોધ પ્રદર્શન આયોજિત કર્યું હતું. આ દરમિયાન હનુમાન બેનીવાલે કહ્યું કે કિરોડી લાલ મીણા અને સચિન પાયલોટ જેવા નેતાઓએ હવે ભાજપ કોંગ્રેસ છોડી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીની સાથે આવી જવું જોઇએ

બેનીવાલે કહ્યું કે જો આ બંન્ને નેતા ભાજપ કોંગ્રેસથી અલગ થઇ જાય તો આગામી ચુંટણીમાં આરએસપીની ૧૪૦ બેઠકો આવશે.બેનીવાલે કહ્યું કે સચિન પાયલોટને મુખ્યમંત્રી બનાવવા માટે મેં ૨૦૧૮માં જ ત્રણેય ધારાસભ્યોને સમર્થન આપ્યુ હતું જો પાયલોટ રાજસ્થાનની ચિંતા કરે છે તો તેમણે હવે નિર્ણય લેવો જોઇએ હવે સમય ખુબ ઓછો બચ્યો છે.

રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટ હાલના દિવસોમાં રાજસ્થાન પ્રવાસ પર છે.તે અલગ અલગ જગ્યાએ પહોંચી જાહેરસભાઓ કરી રહ્યાં છે.સચિને નાગૌરના પરબતસરમાં પણ એક જાહેરસભાને સંબોધિત કરી હતી પાયલોટના નાગૌર પહોંચવાના સવાલ પર હનુમાન બેનીવાલે કહ્યું કે નાગૌર તો ફકત આરએલપીનો ગઢ છે.ત્યાં કોઇનું શક્તિ પ્રદર્શન થઇ શકે તેમ નથી આ વખતે નાગૌર જીલ્લામાં ભાજપ કોંગ્રેસ બંન્નેની શૂન્ય બેઠકો આવશે. તેમણે માંગણી કરી હતી કે પેપર લીક મામલાની તપાસ સીબીઆઇ પાસે કરાવવી જોઇએ

## આવકના મામલે ભાજપ નંબર વન પાર્ટી

# ૨૦૨૧-૨૨ માં ભાજપને ૧૦૦૦ હજાર કરોડની આવક,કોંગ્રેસની આવક ૫૪૧.૨૭ કરોડ રૂપિયા

નવીદિલ્હી,તા.૧૮

ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને અન્ય માન્ય પક્ષોની આવક-ખર્ચના આંકડા જાહેર કર્યા છે. આ આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૧-૨૨માં આવકના મામલામાં ભાજપ નંબર વન પર છે. જયારે કોંગ્રેસ ભાજપથી ઘણી પાછળ છે. હકીકતમાં, ચૂંટણી પંચ દર વર્ષે રાજકીય પક્ષોના ખર્ચ અને આવકની વિગતો જાહેર કરતી હોય છે, ત્યારે દરેક પાર્ટીના ખર્ચા અને આવકની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં બીજેપીના કરોડોના ખર્ચા બાદ પણ મોટી આવક કરતી પાર્ટી બની છે.

મળતી માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટીને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં અલગ અલગ માધ્યમોથી કુલ રૂ. ૧,૯૧૭.૧૨ કરોડ રુપિયા મળ્યા હતા. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રૂ. ૮૫૪.૪૬ કરોડનો ખર્ચ કર્યો હતો. તે સાથે ખર્ચના મુકાબલે બીજેપીએ ૧૦૬૨.૬૬ રુપિયાની આવક કરી છે. તેમજ ભાજપને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ૧,૦૩૩.૭ કરોડ રૂપિયાનું યોગદાન પણ મળ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો ખબર પડે છે કે ભાજપની આવક ખર્ચ કરતાં લગભગ ૧૦૦૦ કરોડ વધુ છે.

વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કોંગ્રેસ પાર્ટીની આવક ૫૪૧.૨૭ કરોડ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસનો ખર્ચ ૪૦૦.૪૧ કરોડ રૂપિયા છે. તે જ સમયે, સામ્યવાદી પક્ષને મળેલી ગ્રાન્ટ ભાજપ અને કોંગ્રેસની સરખામણીએ ઘણી ઓછી છે. તે ઉપરાંત, તૃણમૂલ કોંગ્રેસે તેની રસીદોમાં સૌથી મોટો ૬૩૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, જે ૨૦૨૦-૨૧માં રૂ. ૭૪.૪ કરોડથી વધીને ૨૦૨૧-૨૨માં રૂ. ૫૪૫.૭ કરોડ થયો હતો.

ઉપરાંત, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે તેના વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં રૂ. ૨.૮૭ કરોડની થાપણો અને રૂ. ૧.૧૮ કરોડનો ખર્ચ દર્શાવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા મંગળવારે પક્ષો સંબંધિત આવક અને ખર્ચનો વાર્ષિક અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. આ ત્રણેય આઠ માન્ય રાષ્ટ્રીય પક્ષોમાં સામેલ છે. પ્રાદેશિક પક્ષોમાં, ડીએમકેએ ૨૦૨૧-૨૨માં કુલ રૂ. ૩૧૮.૭ કરોડની આવક જાહેર કરી, ત્યારબાદ બીજેડી રૂ. ૩૦૭.૨ કરોડ,ટીઆરએસ રૂ. ૨૭૯.૪ કરોડ અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીએ રૂ. ૯૩.૭ કરોડની આવક જાહેર કરી.

ચૂંટણી પંચે પક્ષોની આવક અને ખર્ચની વિગતો જાહેર કરી છે. આ ત્રણેય વ્યક્તિઓ આઠ માન્ય રાષ્ટ્રીય પક્ષોના છે. જો આપણે જૂના આંકડાઓની વાત કરીએ તો ૨૦૧૯-૨૦માં ભાજપે લગભગ ૩૬૨૩ કરોડની આવક કરી હતી, જ્યારે બીજા જ વર્ષ ૨૦૨૦-૨૧માં તે ઘટીને ૭૫૨ કરોડ થઈ ગઈ હતી. બીજી બાજુ, ૨૦૨૧-૨૨ માટે, ભાજપે તેની કુલ આવક ૧૯૧૭.૧૨ કરોડ રૂપિયા જાહેર કરી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0002**
વિષય પરિવાર
વિભાગ ગદ્ય
શબ્દ ૨૬૦
શીર્ષક ઘર પરિવાર
ઘર પરિવાર
સંસાર એટલે ‘સંગ્રામ‘ અને પરિવાર એટલે ‘વિશ્રામ‘
તમે હજારો કરોડનું બિઝનેસ એમ્પાયર ઊભું કર્યુ હોય પણ, પરિવારનો સાથ ન હોય તો તમે હીરો નહીં ઝીરો છો! કારણ તમે પરિવારની વિરુદ્ધ દિશામાં ઊભા છો. એનાં કરતાં હરોળમાં રહેશો તો જગ જીતી જશો.

મિત્રો, રેડવુડ નામનું એક વૃક્ષ છે લાબું અને થડ જાડુ છે.એનાં મૂળ પણ જમીનમાં અમુક ફુટ જ નીચે છે તેમ છતાં કોઈપણ ઝંઝાવાત કે ચક્રાવાત એને પાડી શકતું નથી કારણ, વૃક્ષની એક ખૂબી છે. એ બધાં વૃક્ષનાં મૂળિયાં એકબીજા સાથે આંતરિક રીતે જોડાયેલા છે. એનાં મૂળમાં એક જાતની માઈક્રોરીઝા નામની ફુગ ઉત્પન્ન થાય છે. જે આ બધાં વૃક્ષની જરૂરિયાત પૂરી પાડે છે. જાણે કહેતી ન હોય તમે લડો નહીં હું છું ને! આ વાત મારા ગુરુએ મને કહી હતી

આ ફુગ એટલે આપણાં ઘરના મોભી. જેના લાડ અને દુલાર આપણને મળ્યા જ હશે, સાથે ક્ષણિક ગુસ્સા કે અવગણનાનાં ભાવ પછી એક પોતીકાપણાનો હક્ક એક પ્રિયજન પાસે જ હોય છે. ભલે એ મોભી પાસેથી કોઈવાર કટુવચન પણ સાંભળવા મળે છે. તે હિતાવહ જ હશે, માટે નમ્ર બનીને મૌન ધારણ કરી લેવું.

એક કહેવત છે ને કે ‘છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ક્યારેય ન થાય.’ આપણાં વડીલો પાસે કાયમ ક્ષમા અને પ્રેમાનંદ જ હોય છે.

જો પરિવારમાં કોઈનું દિલ દુભાય તો ક્ષમા માંગી લેવી તો જ સંબંધની મીઠાશ જળવાશે અને સ્વયંનો આંતરિક બોજો હળવો થશે કારણ,
‘ક્ષમા વીરશ્ય ભુષણં’
એક સફળ વ્યકિત મંચ પર ત્યારે જ પહોંચે છે જ્યારે પરિવારનો સાથ હોય છે. છેલ્લે હું કહીશ,
‘દરવાજે ટકોરા મારીને પુછી ગયું નસીબ,’
‘જીવનમાં હારી ગયાં કે ફાવી ગયાં’
મેં કીધું,
તું શું હંફાવીશ મને એ નિયતી!
પરિવાર સાથે અમે જગ જીતી ગયાં
જીજ્ઞા કપુરિયા"નિયતી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:004**
વિષયઃ આદર્શ ઘર, પરિવાર ને લગ્ન જીવન
પ્રકારઃ ગદ્ય
શબ્દ:૩૫૦
શીર્ષકઃ પથ
શીર્ષકઃ પથ

સોહન નાનપણથી ઘરમાં જોતો આવ્યો છે કે માતાપિતા ઘર કરકસરથી ચલાવતા હતાં. તેને ભણાવવાની ચિંતા નાનું ખેતર ને પિતાની આવક પર જ ઘર ચાલતું. મા ઘરમાં જ મસિન રાખતી તે લોકોનાં કપડા સમારી આપતી. નવી ફેસનનાં કપડાં તો આવડે નહિ તેથી રોજના રૂપિયા પાંચ થી દસ કમાઈ લેતી. તેમાંથી શાકભાજી આવી રહેતાં. તેના ઉછેરમાં કોઈ કમી નહોતી રાખી. છતાં તેમનું આદર્શમય જીવન સુખી હતું. માને તો કોઈ જાતનો અભાવ નડતો જ નહિ.

પોતે શહેર ભણવા જતો તો જોડે ઘરના ઘી ગોળની સુખડી, લાડુ વગેરે બનાવી આપતી. મિત્રો પણ માનાં હાથની વસ્તુઓ ખાતા ને ખુશી વ્યક્ત કરતાં. આવા કુંટુંબમાંથી આવેલા સોહનની મિત્રતા આવા જ સામાન્ય કુટુંબના ઋચિર સાથે થઈ હતી. તેના કુટુંબમાં તેની મા અભાવોમાં જ જીવતી. રોજ રોજના ઝઘડાંથી તે કંટાળી ગયો હતો. પરિવારનું સુખ જ નહોતો પામ્યો તે.

બન્નેની એક મિત્ર હતી સુહાની તે તો આધુનિક માબાપનું સંતાન હતી. મા તેના કામમાં વ્યસ્ત ને બાપ તેના ધંધામાં. તે એટલી ઉચ્છળક હતી કે મોટા નાનાનો

લિહાજ જ ન રાખતી. તેના સ્મિત ને હસમુખા સ્વભાવને કારણે જ આ બન્ને તેની સાથે સંબંધ સાચવી રહ્યાં હતાં.

જુઓ મિત્રો ત્રણે આ ધરા પરના જ કુટુંબીઓ હતાં. ત્રણે ભિન્ન વિચારશરણી ધરાવનારા ને સ્વભાવના હતા.ભિન્ન લાગણી એકબીજા પર રાખનારા મિત્રો હતા.

સંસાર આનું જ નામ છે ને?

અહીં ત્રણે મિત્રો નક્કી કરે છે કે ભણતર પૂરું થાય પછી આપણે સાથે દસ વર્ષ પછી મળીશું. એમ જ બને છે. ત્રણેય નદી કિનારે ભેગા થયાં. નદીનાં એ શીતળ જળમાં ઉઘાડા પગે વિહરતા સોહનને આહ્લાદાયક અનુભવ થયો. તેને નદીમાં પડતાં સૂર્ય કિરણો સોનેરી લાગ્યાં. તો ઋચિરને તે ફિક્કો સૂર્યાસ્ત આનંદ ન આપી

શક્યો. સોહિની તો જરા પગમાં કચરું અડી જતું તો મોં બગાડતી.
મન ને અંતરમનથી ત્રણેય ત્યાં જ હતાં

મારું કહેવાનું એટલું જ છે મિત્રો જીવનમાં આદર્શ ઘર, પરિવાર કે લગ્નજીવનમાં સુખી રહેવું કેટલું માન્ય રાખે છે? બધાં પાસે કંઈને કંઈ હોય જ છે પણ તમારું મન કે આંતરમન ખુશ કે સંતોષી ન હોય તો તમે એ બધું જ નિર્થક લાગે છે તમારી સામે છે તે. માટે અંતરમનથી

ખુશ રહો તો આદર્શ ઘર, પરિવાર કે તમારા જીવનનું એક પાસું લગ્નજીવનનું પણ તમને જીવનનાં પથ પર જીવવામાં ને નજરિયામાં ખૂબ જ ખુશખુશાલ રાખશે.
જયશ્રી પટેલ
૧૮/૧/૨૩

# વિદેશનું અવનવું - દેવિકા ધ્રુવ. (હ્યુસ્ટ્ન યુ.એસ.એ.)




ગુજરાતી સાહિત્ય સરિતા (હ્યુસ્ટ્ન યુ.એસ.એ.)
૨૦૨૩ના નવા વર્ષની પ્રથમ બેઠકનો અહેવાલઃ
દેવિકા ધ્રુવ.

હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની, ૨૪૦ મી બેઠક, ૧૪ જાન્યુઆરી ૨૦૨૩, શનિવારે બપોરે ૨ થી ૪ દરમ્યાન, સુગરલેન્ડના કૉમ્યુનિટિ હોલ-ઈમ્પીરિઅલ રિક્રિએશન સેન્ટર ખાતે યોજાઈ હતી.

પ્રારંભિક સ્વાગત અને આવકારના ભાવભીનાશબ્દો પછી તરત જ પ્રમુખ શ્રીમતી ભારતીબહેન મજમુદારે

પ્રાર્થના માટે શ્રીમતી ભાવનાબહેન દેસાઈને આમંત્રણ પાઠવ્યું. તેમણે ‘હે શારદે મા,અજ્ઞાનતાસે હમેં તારદે મા’ ની પ્રાર્થના સુમધુર કંઠે રેલાવી.

સુંદર અને શુભ શરૂઆત પછી નવી સમિતિમાં ઉપપ્રમુખ તરીકે આવેલ શ્રીમતી મીનાબહેન પારેખ અનેઅન્ય નવા સભ્યોને આવકાર મળ્યો અને તરત જ વક્તવ્યોની શરૂઆત થઈ.

સૌથી પ્રથમ શ્રીમતી પ્રવીણાબહેન કડકિયાએ ઉત્તરાયણની પોતે લખેલી એક સરસ વાર્તા ‘કપાયો છે’ માંરહેલી પતંગ કપાયાની ખુશી!’નો સાર લઘુકથાની જેમ કુશળતાથી રજૂ કર્યો. શ્રી જનાર્દનભાઈ શાસ્ત્રીએ પણ આજના વિષયને અનુરૂપ એક સ્વરચિત રચના સરસ રીતે વાંચી સંભળાવી.

‘જિંદગી એક પતંગ અને દોર જેવી, એકમેક વગર બેસહાય અને અધૂરી’ .

ત્યારબાદ શ્રીમતી શૈલાબહેન મુન્શાએ પોતાની કુશળ કલમને એક કવિતા થકી રેલાવી કે “વીતેલાં વર્ષોયાદોનો ખજાનો ભરી જાય,બાકીની પળો જીવનનું ચેન હરી જાય. અને બીજી એક, ખુમારીનું ગૌરવ પ્રગટકરતી ગઝલ રજૂ કરીઃ

“ભીખ જોઈતી નથી, બસ જીતવું છે.
દોડ પાકી, સવલતોથી હારવું છે,
હર ડગર જીવન ખુશીથી માણવુંછે.

સભાજનોના આનંદમાં વધારો કરતાં શ્રી નૂરુદ્દીનભાઈ દરેડિયાએ તેમના અસ્સલ હળવા મિજાજમાં સંસ્કૃતિની ગહન વાતો કરી.. કબીરના દોહા, બ્રહ્માનંદની વાણી, કવિ શ્રી મકરંદ દવેની સુંદર પંક્તિઓ,શ્રીકાકાસાહેબ કાલેલકરના અર્થસભર શબ્દો, ગાંધીજીના સુવાક્યો વગેરેથી માહોલને રંગી દીધો.

તે પછી દેવિકા ધ્રુવે સંસ્થાની, વેબસાઈટની, પુસ્તકોની, નવા વર્ષની, નવા સભ્યોની વગેરે વાતોનો અછડતો ઉલ્લેખ કરી ‘જિંદગી’ વિષયક સ્વરચિત કવિતા રજૂ કરી. તેના શબ્દો હતાઃ જિંદગી વેળાવેળાની છાંયડીછે, સંજોગની પાંખે ઊડતી પવનપાવડી છે.

તેના જ સંદર્ભમાં “કોઈ હજી મને ભણાવે છે’ વિષય આપી સૌનેલખવા માટે આમંત્રણ આપ્યું અને એ વિશે સંસ્થાના સભ્યો સાથે એક નવા સહિયારા પ્રોજેક્ટની વાત કરી.

એક નવા સભ્ય શ્રીમતી દક્ષાબહેન બક્ષીએ કવિ શ્રી સુરેશ દલાલના ‘ઝલક’ પુસ્તકમાંનું ‘ઈમર્સન’નું એકપાનું વાંચી સંભળાવ્યું.

ત્યારબાદ શ્રીમતી ભાવનાબહેન દેસાઈએ નરસિંહ મહેતાનું એપ્રદીપ “આજ વૃંદાવન આનંદસાગર, શામળિયો રંગે રાસ રમે”; વાદ્યવૃંદના સાથમાં અને ‘સખીની સાખી’ સાથે બુલંદ અવાજે પ્રસ્તુત કર્યુ..

સ્વરાંકન તેમનું પોતાનું હતું અને સાખીના શબ્દો દેવિકા ધ્રુવના હતાઃ “પનઘટ વાટે ઈંઢોણી સાથે, નટવર નાચે ગોકુળ ગામ”.

સૌએ તાળીઓના ગડગડાટથી ભાવનાબહેનને વધાવ્યા. હવે વારો હતો શ્રી હસમુખભાઈ પટેલનો જેમણે સ્વતંત્રતા અને સ્વચ્છંદતાની ભેદરેખા દર્શાવી તેને અધ્યાત્મ સાથે સાંકળતા પોતાના વિચારો દર્શાવ્યા. તે પછી શ્રી પ્રકાશભાઈ મજમુદારે આગામી ૨૬મી જાન્યુઆરીને લક્ષમાં રાખી ‘વતનપેં જો ફિદા હોગા” નું જાણીતું ફિલ્મી ગીત સંગીત સાથે રજૂ કર્યુ.

રજૂઆતોનો આ દોર પૂરો થયા પછી પ્રમુખ શ્રીમતી ભારતીબહેને નવા સભ્યોની ઓળખાણ થાય તે હેતુથી સૌ સભાજનોને પોતપોતાન નામો બોલવા માટેની શરૂઆત કરી. તે દરમ્યાન સંસ્થાના આદ્યસ્થાપક શ્રી દીપકભાઈ ભટ્ટે “નેઈમપ્લેટ’નું સૂચન કર્યું જે નવી સમિતિએ અમલમાં મૂકવા માટે સ્વીકાર્યું. બીજાં પણ એક-બે સૂચનો મળ્યાં જેની નોંધ લેવાઈ.

અંતે નિયમ મુજબ સામૂહિક તસ્વીર લેવાઈ અને બટાકાવડાં, ગાંઠિયા, તલસાંકળી વગેરે અલ્પાહાર પછી મધુર યાદો લઈ સૌ છૂટાં પડ્યાં.

નવા વર્ષની આ બેઠકના આયોજકો, સહાયકો, વક્તાઓ, શ્રોતાઓ અને વાદ્યવૃંદના સભ્યો સૌને અભિનંદન.
—દેવિકા ધ્રુવ

Houston
ddhruva1948@yahoo.com
Devika Dhruva.
http://devikadhruva.wordpress.com

# અંબાણી પરિવારમાં લગ્નની તૈયારીઓ શરૂ, આલિયાના ‘ઘર મોરે પરદેસિયા‘ ગીત પર ચાર ચાંદ લગાવ્યા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના માલિક મુકેશ અંબાણીના ઘરમાં ફરી એકવખત ખુશીની શરણાઈઓ વાગી રહી છે. મુકેશ અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી વરરાજ બનવા જઈ રહ્યાં છે. અનંત અંબાણીના રાધિકા મર્ચન્ટ સાથેના લગ્નની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ કપલ ટૂંક સમયમાં જ ભવ્ય સમારોહમાં લગ્નના બંધનમાં બંધાશે. હાલમાં અંબાણી અને વેપારી પરિવારોમાં પ્રી-વેડિંગ ફંક્શન શરૂ થઈ ગયા છે.ગત વર્ષે ૨૯ ડિસેમ્બરે અનંત અને રાધિકા મર્ચન્ટ ની રાજસ્થાનના નાથદ્વારામાં શ્રીનાથજી મંદિરમાં સગાઈ થઈ હતી. ત્યારે હવે રાધિકાની મહેંદી સેરેમનીની તસવીર અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

પિક્ક કલરના સુંદર લેંઘામાં રાધિકા ખૂબ સુંદર લાગી રહી છે. રાધિકાએ તેના હાથ પર અનંતના નામની મહેંદી લગાવી અને તેના મહેંદીવાળા હાથ પણ ફ્લોન્ટ કર્યા હતા. આ દરમિયાન રાધિકાના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

રાધિકાએ ‘ઘર મોરે પરદેસિયા’ ગીત પર ખૂબ સુંદર ડાન્સ કર્યો હતો. રાધિકા એક ડાન્સર છે, તેણીએ ૮ વર્ષ સુધી ભરતનાટ્યમની તાલિમ લીધી છે. સેરેમનીમાં હાજર તમામ લોકો રાધિકાનો ડાન્સ જોઈને તાળીઓ પાડી રહ્યાં હતા.

અંબાણી પરિવારની નાની પુત્રવધૂ બનવા જઈ રહેલાં રાધિક મર્ચન્ટ વિરેન મર્ચન્ટ અને શૈલા મર્ચન્ટની દીકરી છે. વિરેન એનકોર હેલ્થકેરના CEO છે.

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**

# ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૧૩૨નો ઉછાળોઃ નેચરલ ગેસ ઢીલું

**સોનાનો વાયદો રૂ.૬૨ અને ચાંદીનો વાયદો રૂ.૩૬૨ વધ્યોઃ મેન્થા તેલમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૦૨૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૨૪૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૩ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૧,૧૪૮ સોદાઓમાં કુલ રૂ.૧૬,૨૯૪.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૦૧૯.૬૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭,૨૪૨.૪૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૬,૧૧૯ સોદાઓમાં કુલ રૂ.૪,૯૪૨.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૩૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૪૩૨ અને નીચામાં રૂ.૫૬,૧૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨ વધી રૂ.૫૬,૪૧૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૨ વધી રૂ.૪૪,૯૭૩ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ ઘટી રૂ.૫,૫૬૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૨૮૯ના ભાવે ખૂલી, રૂ.૫૪ વધી રૂ.૫૬,૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૩૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૬૬૯ અને નીચામાં રૂ.૬૯,૦૮૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬૨ વધી રૂ.૬૯,૫૪૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૯૬ વધી રૂ.૬૯,૫૩૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૯૪ વધી રૂ.૬૯,૫૩૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૦૧૭ સોદાઓમાં રૂ.૨,૪૨૪.૬૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૦૫ વધી રૂ.૨૨૪.૫૫ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૪.૦૫ વધી રૂ.૨૯૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૦૫ વધી રૂ.૭૮૨.૯૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૦ ઘટી રૂ.૧૯૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૮૪૮ સોદાઓમાં કુલ રૂ.૧,૬૩૨.૩૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૬૦ અને નીચામાં રૂ.૬,૫૬૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૩૨ વધી રૂ.૬,૬૪૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૫૦ ઘટી રૂ.૨૮૩.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૬૩ સોદાઓમાં રૂ.૨૦.૪૬ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૩૦ વધી રૂ.૧૦૨૨.૬૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૮૬.૦૬ કરોડનાં ૫,૧૧૯.૬૮૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૦૫૬.૧૮ કરોડનાં ૨૯૫.૮૦૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૨૦.૨૦ કરોડનાં ૯,૩૩,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૧૨ કરોડનાં ૩,૫૫,૭૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૦.૪૬ કરોડનાં ૧૯૯.૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૫૬૮.૧૩૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૪૦.૭૭૪ ટન, ક્રૂડ તેલમાં ૫,૦૮,૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫,૧૫,૯૫,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૮૪.૯૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૨.૬૩ કરોડનાં ૪૧૭ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૬૭૪ના સ્તરે ખૂલી, ૧૫ પોઈન્ટ વધી ૧૫,૬૮૮ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૨૪૨.૪૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૪૨.૭૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૯.૪૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૭૭૫.૯૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૨૦.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૦૫.૧૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૬.૦૫ અને નીચામાં રૂ.૮.૨૫ રહી, અંતે રૂ.૫.૧૫ ઘટી રૂ.૯.૩૫ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૧ અને નીચામાં રૂ.૧૫૬ રહી, અંતે રૂ.૪૨.૪૦ વધી રૂ.૧૮૮.૮૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨ અને નીચામાં રૂ.૭૨.૫૦ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૧૧૭.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૦ અને નીચામાં રૂ.૭૦.૫૦ રહી, અંતે રૂ.૭ ઘટી રૂ.૧૧૬ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૨ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૮૨ અને નીચામાં રૂ.૧,૫૦૧ રહી, અંતે રૂ.૭૨.૫૦ વધી રૂ.૧,૭૨૧.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૧.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૯ અને નીચામાં રૂ.૨૩૫.૪૦ રહી, અંતે રૂ.૬૦.૨૦ ઘટી રૂ.૨૪૦.૬૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૬ અને નીચામાં રૂ.૧૫૧ રહી, અંતે રૂ.૪૩ ઘટી રૂ.૧૫૯ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૪૫ અને નીચામાં રૂ.૬.૬૫ રહી, અંતે રૂ.૫.૩૫ વધી રૂ.૧૩.૬૫ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૫ અને નીચામાં રૂ.૮ રહી, અંતે રૂ.૪ વધી રૂ.૧૪.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૮૫ અને નીચામાં રૂ.૧,૧૪૮ રહી, અંતે રૂ.૧૮૧.૫૦ ઘટી રૂ.૧,૨૩૦.૫૦ થયો હતો.

# સદભાવના વૃદ્ધાશ્રમનાં પ્રમુખ વિજયભાઈ ડોબરિયાને કે.એસ. પટેલ સોશિયલ ઈમ્પેક્ટ એવોર્ડ ૨૦૨૨થી સન્માનિત કરાયા



વર્ષ ૨૦૦૧માં સ્થપાયેલ, શ્રી શામજીભાઈ હરજીભાઈ તળાવિયા ચેરીટેબલ ટ્રસ્ટ વિવિધ પહેલો દ્વારા સામાજિક મૂલ્યની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે. આર.કે યુનિવર્સિટીની સ્થાપના સાથે સમાજમાં એસ.એચ.ટી.સી. ટ્રસ્ટના યોગદાનની ખૂબ જ પ્રસંશા કરવામાં આવી. આર.કે યુનિવર્સિટી એક એવી જગ્યા છે જ્યાં 'પરિવર્તન' લાવવાના સતત પ્રયત્નો કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા તેમના દ્રષ્ટિકોણને બદલવા માટે પડકારવામાં આવે છે અને પ્રેરિત કરવામાં આવે છે. તેમની ફેકલ્ટીઓ ઉદ્યોગની જરૂરિયાતો અને વિદ્યાર્થીઓની જરૂરિયાતોને મેચ કરવા માટે તેમના શિક્ષણશાસ્ત્ર અને સૂચનાત્મક અભિગમો સતત બદલતા રહે છે. તેમના વિદ્યાર્થીઓએ આર.કે.યુ.માં જે જ્ઞાન મેળવ્યું છે તેનાથી સમાજને બદલવા માટે આગળ વધે છે. એસ.એચ.ટી.સી.ટ્રસ્ટ અને આર.કે યુનિવર્સિટી એ સમાજ સુધારણા અને સમાજકાર્ય માટે કાર્યો કરે છે. આર.કે યુનિવર્સિટી ઉપરાંત, એસ.એચ.ટી.સી.ટ્રસ્ટે આરોગ્ય સુવિધાઓની સ્થાપના અને સંચાલન સાથે પણ સંકળાયેલુ છે. આર.કે યુનિવર્સિટી તેમજ એસ.એચ.ટી.સી. દ્વારા દર વર્ષે સમાજની અસાધારણ સેવાના સન્માનમાં વ્યક્તિઓ અને સંસ્થાઓને કે.એસ. પટેલ સોશિયલ ઈમ્પેક્ટ એવોર્ડ આપવામાં આવે છે. કે.એસ. પટેલ સોશિયલ ઈમ્પેક્ટ એવોર્ડ ૨૦૨૨ , વિજયભાઈ ડોબારીયાને એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજયનાં 'ગ્રીન મેન' વિજયભાઈ ડોબારીયા એ માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ છે. તેઓએ ખૂબ જ ઓછા સમયમાં સદભાવના વૃધ્ધાશ્રમને પોતાના સેવા કાર્યોથી દરેક શેરીઓ, મહોલ્લાઓ અને સૉસાયટીઓમાં જાણીતુ બનાવ્યું છે. તેઓ રાજયને ગ્રીન બનાવવાનું પણ અભિયાન ચલાવી રહ્યા છે જે અંતર્ગત ખૂબ ટૂંકા સમયમાં ૧૯,૦૦,૦૦૦ વૃક્ષો વિનામૂલ્યે પીજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યું છે. વૃક્ષો વાવવા સહેલા છે. પણ તેની માવજત કરવી અઘરી છે. જયારે આ સંસ્થા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. વૃક્ષારોપણની સાથે સાથે ૧૦૦ મિયાવાકી જંગલનો પણ ઉછેર કરવામાં આવ્યો છે. 'ગ્રીન મેન' વિજયભાઈ ડોબરિયાને ગુજરાત સરકાર દ્વારા પણ 'વન પંડિત' નો એવોર્ડ મળેલો છે. વિજયભાઈ ડોબરિયા દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે.

આગામી મહિનાઓમાં ૩૦ એકર જેટલા વિશાળ પરિસરમાં ૨૦૦૦ વડીલોનો સમાવેશ થઈ શકે તેવું પરિસર પણ નિર્માણાધીન થનાર છે. વિજયભાઈ ડોબરિયાના આ સત્કાર્ય માટે તેમને 'કે.એસ. પટેલ સોશિયલ ઈમ્પેક્ટ એવોર્ડ ૨૦૨૨' ડો. વી.કે. સારસ્વત(સભ્ય – નીતિ આયોગ, ભારત સરકાર)નાં હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

### ભારતીય સાહસિકો અને IIT-IIM વિદ્યાર્થીઓને પ્રેરણાઃ

# હિતેન ભુતા એન્ડ એસોસિએટ્સ દ્વારા વાર્ષિક ઈન્ટર IIT-IIM ક્વિઝ ચેમ્પિયનશિપ, નિહિલાન્થ ૨૦૨૩ ની સ્પોન્સરશિપ જાહેર

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદ આગામી ૩-દિવસીય ક્વિઝ એક્સ્ટ્રાવેગેન્ઝા, નિહિલાન્થ ૨૦૨૩, વાર્ષિક ઈન્ટર IIT-IIM ક્વિઝ ચેમ્પિયનશિપનું આયોજન કરશે. આ ઈવેન્ટ રાષ્ટ્રના તેજસ્વી દિમાગને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા અને સર્વોચ્ચતા માટે સ્પર્ધા કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ નિહિલાન્થ કાર્યક્રમ IIM-A ના વાર્ષિક ઉત્સવ, કેઓસ,ૈંસ્છ ના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગ રૂપે જાન્યુઆરી ૨૭-૨૯, ૨૦૨૩ દરમિયાન યોજાશે. આ ઈવેન્ટ 20 IIM, 23 IIT અને આ સંસ્થાઓના ૩૫૦ થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાંથી શ્રેષ્ઠ અને તેજસ્વી વિદ્યાર્થીઓને એકસાથે લાવશે. એવી અપેક્ષા છે કે કેઓસ ઈવેન્ટમાં ૮૦,૦૦૦ થી વધુ લોકો હાજરી આપશે.આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન IIM અમદાવાદના લિટરરી સિમ્પોઝિયમ ડેસ્ક (ન્જીઙ) દ્વારા કરવામાં આવશે, જે કેમ્પસમાં તમામ સાહિત્યિક કાર્યક્રમો માટે એક છત્ર-સમાન વિદ્યાર્થી સંસ્થા છે. આ વર્ષની ઈવેન્ટ હિતેન ભુતા એન્ડ એસોસિએટ્સ દ્વારા પ્રાયોજિત છે, જે એક એનજલ ફંડિંગ અને સ્ટાર્ટ-અપ એક્સિલરેટર કંપની છે. IIM-અમદાવાદના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને કંપનીના ભાગીદાર શ્રી હિતેન ભુતાએ શેર કર્યું હતું કે 'ભારતીય સંસ્કૃતિમાં ચર્ચા, સંવાદ અને શાસ્ત્રાર્થની લાંબી પરંપરા છે. આપણી સંસ્કૃતિએ ક્યારેય હિંસા કે યુદ્ધ ને વિજય નો રસ્તો નથી માન્યો. આપણે દરેક વિચારને સ્વીકાર્યો છે અને આવકાર્યો છે.ૈંર નો નિહિલાન્થ કાર્યક્રમ ચર્ચા અને સંવાદની મહાન પરંપરા ચાલુ રાખે છે. IIT અને IIM એ આપણા રાષ્ટ્રની પ્રગતિના આધારસ્તંભ છે અને આ ઈવેન્ટ તેમની પ્રતિભા અને આકાંક્ષાઓની ઉજવણી છે. આ ઈવેન્ટ ના ટાઈટલ સ્પોન્સર તરીકે, આપણી સંસ્કૃર્તિ ની સંવાદ ની પ્રક્રિયા ને પ્રોત્સાહન આપવું, અમારી કંપની માટે ખૂબ જ સન્માન અને આનંદની વાત છે.'હિતેન ભુતા એન્ડ એસોસિએટ્સ, યુએસએમાં તેની વરિષ્ઠ મેનેજમેન્ટ ટીમ સાથે કાર્યરત છે. ભારતના ઉભરતા ઉદ્યોગસાહસિકોને તેમની કંપનીઓને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં મદદ કરવા માટે મૂલ્યવાન સંસાધનો, વિશાળ નેટવર્ક અને નાણાકીય સંસાધનો પ્રદાન કરવા માટે આ કંપની સમર્પિત છે. વડા પ્રધાન મોદીએ ૧૬મી જાન્યુઆરીને રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ તરીકે જાહેર કર્યો હતો અને સ્ટાર્ટ-અપ્સને ભારતની કરોડરજ્જુ ગણાવી હતી. નિહિલાન્ત ૨૦૨૩માં આપણા રાષ્ટ્રના ભાવિને ઘડનારા IIT-IIM વિદ્યાર્થીઓને સાંભળવા અને સાંભળવા દરેક માટે ચોક્કસપણે આનંદ અને ઉત્તેજનાનો અનુભવ હશે.

૨૮-જાન્યુ-૨૦૨૩ શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી યોજાનાર કાર્યક્રમમાં હિતેન ભુતા ખાસ અમદાવાદની મુલાકાત લેશે અને થોડા કલાકો માટે વિધાર્થી મિત્રો અને સ્ટાર્ટ અપ સાહસિકો ને મળશે

# રાજ્યમાં ૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર,

### આવતીકાલથી ઠંડીથી આંશિક રાહત મળશે



અમદાવાદ,તા.૧૮

છેલ્લા બે ત્રણ દિવસથી ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે જેના કારણે ગુજરાતવાસીઓ ઠૂંઠવાયા છે જોકે હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ ઠંડીથી આંશિક રાહત મળશે. તાપમાનનો પારો ઉંચકાતા આકરી ઠંડીનું જોર ઘટશે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે તાપમાનના આશરે ૩ ડિગ્રી જેટલો વધારો થશે જેના કારણે થોડી રાહત થશે.જોકે છેલ્લા બે ત્રણ દિવસથી મોડી રાત્ર અને વહેલી સવારે ફૂંકાતા ઠંડા પવનોને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. નાના શહેરોમાં સાંજથી જ જાણે સન્નાટો ફેલાઈ જતો હતો અને રસ્તા ઉપર અવર જવર ઓછી થઈ ગઈ હતી. ઠંડીના ચમકારાને કારણે લોકોની અવરજવર બંધ થતા રસ્તા પણ સૂમસામ જોવા મળ્યા હતા. કેટલાક શહેરોમાં વાલીઓએ બાળકોની શાળાનો સમય બદલવા માટે પણ માંગણી કરી હતી.

રાજયમાં ગત રાત્રિએ નોંધાયેલું તાપમાન જોઈતો બનાસકાંઠા ૭.૩, પાટણમાં ૯.૫,ગાંધીનગરમાં ૧૦,રાજકોટ ૧૦.૭ડિગ્રી તાપમાન, અમદાવાદમાં ૧૧.૩ ડિગ્રી તાપમાન,પોરબંદર ૧૨ ડિગ્રી તાપમાન, વડોદરા ૧૨.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું.હવામાન વિભાગના વડા મનોરમા મોહંતીએ ઉમેર્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધવાને પગલે ગુજરાતમાં ઠંડી થોડી ઘટશે. દરેક જિલ્લાના તાપમાનમાં આશરે ૩થી ૪ ડિગ્રીનો વધારો થતા તેમજ ઠંડા પવન ઘટતા ઠંડી થોડી ઘટશે. ઉત્તર ભારતમાં હજી પણ ઠંડીથી રાહત મળશે નહીં, દેશની રાજધાની કોલ્ડ કેપિટલ બની ગઈ છે. દિલ્લીમાં ન્યૂનતમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું છે અને પહાડી વિસ્તાર કરતા પણ દિલ્લીમાં વધુ ઠંડી પડી રહી છે.

# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી રાજકોટમાં પરમ જીવદયા રથની શરૂઆત

અબોલ જીવોનું હરતું ફરતુ અન્નક્ષેત્ર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પરમ જીવદયા રથ(અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર)ની શરૂઆત કરવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા ચલાવવામાં આવતા પરમ જીવદયારથને વિમળાબેન દિલીપભાઈ મહેતા તથા દ્વારા ઉમાબેન મહેન્દ્રભાઈ મહેતાનાં (હ. હિતેનભાઈ મહેતા) સ્મરણાર્થે અનુદાન આપવમાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષોથી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે જે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા છે. સંસ્થા ભારત સરકારનો સર્વશ્રેષ્ઠ એવોર્ડ વિજેતા છે. એનીમલ હેલ્પલાઈન દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. રાજકોટનાં વિવિધ ચબૂતરાઓમાં પરમ જીવદયા રથ (હરતું ફરતું અન્નક્ષેત્ર) દ્વારા જરૂરિયાત મુજબ દરરોજ ૫ થી ૧૫ ગુણી ચણ નાખવામાં આવે છે. ખિસકોલીઓને ૩૦ કિલો મકાઈ નાંખવામાં આવે છે. દરરોજ કીડિયારું પૂરવામાં આવે છે .દરરોજ માછલીઓને ૩૦ કિલો





લોટ ની ગોળી નાખવામાં આવે છે. દરરોજ ૭૦૦ જેટલા શ્વાનોને વિવિધ વિસ્તારોમાં, વિશેષ વાહનમાં જઈને દૂધ - રોટલીનો ભરપેટ શાકાહારી ભોજન પ્રસાદ આપવામાં આવે છે. દરરોજ ગૌ માતાઓને/ગૌ વંશને ઘાસ-ખોળ પીરસવામાં આવે છે.

દરરોજ રૂ. ૧૫૦૦૦ નાં માતબર ખર્ચે ચાલતા અબોલ જીવોનાં આ અન્નક્ષેત્રમાં સૌનો નાનો-મોટો આર્થિક સહયોગ આવકાર્ય છે. વસ્તુ સ્વરૂપે પણ દાન આપી શકાશે.ઓનલાઈન અનુદાનની પણ વ્યવસ્થા છે,આપ જાણ કરશો તો આપને ત્યાંથી અનુદાન લેવા આવવાની પણ વ્યવસ્થા છે. સમગ્ર આયોજન અંગે સેતુરભાઈ દેસાઇ , હિતેનભાઈ મહેતા , હિમાંશુભાઈ શાહ , જયેશભાઈ મહેતા, વિશાલભાઈ દેસાઇ , જતિનભાઈ મહેતા , મલયભાઈ કોઠારી , કલ્પેશભાઈ કામદાર સહિતના અર્હમ યુવા સેવા ગ્રૂપનાં સેવાભાવીઓનો સતત સહયોગ મળી રહ્યો છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત પરમ જીવદયા રથ અંગેની વિશેષ માહિતી માટે સેતુરભાઈ દેસાઈ (મો. ૯૮૯૮૨૩૦૯૭૫) , હિમાંશુભાઈ શાહ (મો. ૯૮૯૮૦૪૮૧૩૯), જયેશભાઈ મહેતા (મો. ૯૮૨૪૧૫૪૫૪૨), અર્હમ યુવા સેવા ગ્રુપ (મો.૯૧૩૬૪૪૨૪૯૧), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯) , પ્રતિકભાઈ સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) , ધીરુભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬) , રમેશભાઈ ઠક્કર (મો. ૯૯૦૯૯૭૧૧૧૬) એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ , ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતાનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી રાજકોટમાં પરમ જીવદયા રથની શરૂઆત .

અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પરમ જીવદયા રથ(અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર)ની શરૂઆત કરવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા ચલાવવામાં આવતા પરમ જીવદયારથને વિમળાબેન દિલીપભાઈ મહેતા તથા દ્વારા ઉમાબેન મહેન્દ્રભાઈ મહેતાનાં (હ. હિતેનભાઈ મહેતા) સ્મરણાર્થે અનુદાન આપવમાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષોથી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે જે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા છે. સંસ્થા ભારત સરકારનો સર્વશ્રેષ્ઠ એવોર્ડ વિજેતા છે. એનીમલ હેલ્પલાઈન દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. રાજકોટનાં વિવિધ ચબૂતરાઓમાં પરમ જીવદયા રથ (હરતું ફરતું અન્નક્ષેત્ર) દ્વારા જરૂરિયાત મુજબ દરરોજ ૫ થી ૧૫ ગુણી ચણ નાખવામાં આવે છે. ખિસકોલીઓને ૩૦ કિલો મકાઈ નાંખવામાં આવે છે. દરરોજ કીડિયારું પૂરવામાં આવે છે .દરરોજ માછલીઓને ૩૦ કિલો લોટ ની ગોળી નાખવામાં આવે છે. દરરોજ ૭૦૦ જેટલા શ્વાનોને વિવિધ વિસ્તારોમાં, વિશેષ વાહનમાં જઈને દૂધ - રોટલીનો ભરપેટ શાકાહારી ભોજન પ્રસાદ આપવામાં આવે છે. દરરોજ ગૌ માતાઓને/ગૌ વંશને ઘાસ-ખોળ પીરસવામાં આવે છે.

દરરોજ રૂ. ૧૫૦૦૦ નાં માતબર ખર્ચે ચાલતા અબોલ જીવોનાં આ અન્નક્ષેત્રમાં સૌનો નાનો-મોટો આર્થિક સહયોગ આવકાર્ય છે. વસ્તુ સ્વરૂપે પણ દાન આપી શકાશે.ઓનલાઈન અનુદાનની પણ વ્યવસ્થા છે,આપ જાણ કરશો તો આપને ત્યાંથી અનુદાન લેવા આવવાની પણ વ્યવસ્થા છે. સમગ્ર આયોજન અંગે સેતુરભાઈ દેસાઇ , હિતેનભાઈ મહેતા , હિમાંશુભાઈ શાહ , જયેશભાઈ મહેતા, વિશાલભાઈ દેસાઇ , જતિનભાઈ મહેતા , મલયભાઈ કોઠારી , કલ્પેશભાઈ કામદાર સહિતના અર્હમ યુવા સેવા ગ્રૂપનાં સેવાભાવીઓનો સતત સહયોગ મળી રહ્યો છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત પરમ જીવદયા રથ અંગેની વિશેષ માહિતી માટે સેતુરભાઈ દેસાઈ (મો. ૯૮૯૮૨૩૦૯૭૫) , હિમાંશુભાઈ શાહ (મો. ૯૮૯૮૦૪૮૧૩૯), જયેશભાઈ મહેતા (મો. ૯૮૨૪૧૫૪૫૪૨), અર્હમ યુવા સેવા ગ્રુપ (મો.૯૧૩૬૪૪૨૪૯૧), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯) , પ્રતિકભાઈ સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) , ધીરુભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬) , રમેશભાઈ ઠક્કર (મો. ૯૯૦૯૯૭૧૧૧૬) એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ , ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતાનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.





**સરસ્વતી ફાર્મસી કોલેજ માં "રાષ્ટ્રીય યુવા દિન" ઉજવાયો**

ગાંધીનગર:સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ચદ્રજીજી એકમ ના વિદ્યાર્થીઓ દ્વારા ૧૨ જાન્યુઆરી એ સ્વામી વિવેકાનંદ ની જન્મ જયંતિ પર "રાષ્ટ્રીય યુવા દિન" ઉજવવામાં આવ્યો હતો. જેમાં ડિબેટ સ્પર્ધા ની સાથે સાથે અલગ અલગ રમત અને પતંગોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા વિધાર્થી ઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો, તેમજ સંસ્થા માં યોજાયેલા આ કાર્યક્રમ માં યુવાઓ નું દેશહિત માટે મહત્વ સમજાવવામાં આવ્યું હતું.





ગાંધીનગર:: સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ચદ્રજીજી એકમ ના વિદ્યાર્થીઓ દ્વારા "વર્લ્ડ હિન્દી ડે" ઉજવવામાં આવ્યો હતો, જેમાં હિન્દી માં નિબંધ લખવાની સ્પર્ધા રાખવામાં આવી હતી તેમજ વિધાર્થીઓ ને હિન્દી ભાષા નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

### નાનકડી બાળકીને ચાલુ ક્લાસમાં ઠંડીને કારણે હાર્ટ એટેક આવ્યો

રાજકોટ,તા.૧૮

ઉત્તર ભારતમાં થઈ રહેલી બરફ વર્ષાની અસર રાજસ્થાન અને ગુજરાતને થઈ રહી છે. ગુજરાતમાં ભારે ઠંડી પડી રહી છે ત્યારે ઠંડીથી એક બાળકીનું મોત નિપજયું છે. રાજકોટમાં ધોરણ-૮માં ભણતી બાળકીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. રાજકોટની જસાણી સ્કૂલમાં આઠમા ધોરણમાં ભણતી રિયા સોની નામની વિદ્યાર્થિનીનું ચાલુ ક્લાસમાં હાર્ટ અટેકથી મૃત્યુ થયું તેનાથી તમામ વાલીઓ ચિંતામાં મૂકાઈ ગયા છે. ગુજરાતના તમામ વાલીઓની ચિંતાનું કારણ છે રાજયની શાળાઓએ યુનિફોર્મના નામે નક્કી કરેલું જર્સી જેવું એ સ્વેટર,, જેને પહેરીને સ્કૂલમાં જવું બાળકો માટે મજબૂરી બની ગયું છે.

રાજકોટની જસાણી સ્કૂલમાં ધોરણ આઠમાં ભણતી જે વિદ્યાર્થિનીનું મૃત્યુ થયું છે તેની માતાએ કહ્યું છે કે તેમની દીકરીને નખમાં પણ રોગ નહોતો. પરંતુ કાતિલ ઠંડીના કારણે તેના શરીરનું લોહી જામી ગયું અને તેના કારણે આઠમા ધોરણની વિદ્યાર્થિનીને ચાલુ ક્લામાં હાર્ટએટેક આવતાં તેનું મૃત્યુ થયું છે. તેની માતાનો આરોપ છે કે, મારી દીકરીના મૃત્યુ માટે જસાણી સ્કૂલ જવાબદાર છે.

# ભરૂચ બારશાખ રાજપુત સમાજનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામ વિતરણ અને વાર્ષિક સ્નેહ સંમેલન સમારોહ યોજાયો

ભરૂચ બારશાખ રાજપુત સમાજ

ભરૂચ બારશાખ રાજપુત સમાજનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામ વિતરણ અને વાર્ષિક સ્નેહ સંમેલન સમારોહ તા.૦૮/૦૧/૨૩ રવિવારના રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકર હૉલ, શકિતનાથ, ભરૂચ ખાતે યોજાયો હતો. તેમાં સુરત, વડોદરા અને અમદાવાદ ઘટકના પ્રમુખ અને કારોબારી સભ્યોએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

તેમાં અબાલ- વૃદ્ધ મળીને આશરે ૬૦૦ થી ૬૫૦ જેટલા લોકો હાજર રહ્યા હતા અને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

શરૂમાં ગણેશ વંદના અને દીપ પ્રાગટય પછી સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રકારની ૧૭ કૃતિઓ રજૂ કરી બાળકોએ સૌને મંત્ર મુગ્ધ કર્યા







હતા.તેમનું સફળ સંચાલન અને માર્ગ દર્શન મહિલા સમિતિના પૂજાબેન જે. સોલંકી તેમજ જીજ્ઞેશ ભાઈ અને મંથનભાઈએ પૂરું પાડ્યું હતું.પ્રોગ્રામનું એંકરિંગ મહેક અને ખ્યાતિના રંગલા રંગલીના પાત્રથી થયું છે. જે પ્રોગ્રામને ચાર ચાંદ લગાવી દીધા.

સમાજના વર્ષ ૨૦૨૧-૨૨માં ઉત્તીર્ણ થનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર તેજસ્વી તારલાઓને તેમજ અન્ય બાળકોને પ્રોત્સાહન રૂપે સમાજના વિવિધ ઘટકોના પ્રમુખો અને દાતાઓ શ્રી કૃણાલભાઈ ટી.રાજપૂત અને ગં.સ્વ. વિમળાબેન સી. ચૌહાણના વરદ હસ્તે કુલ ૧૪૮ વિદ્યાર્થીઓને ઈનામો અને મેડલ અર્પણ કરવામાં આવ્યા.

સમાજના ૬૦ વર્ષ પૂર્ણ કરનાર વડીલ પુરુષો અને સ્ત્રીઓનું શાલ ઓઢાડી અને બુકે (ગુલાબ) આપી પંચના ટ્રસ્ટીઓના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું.

સમાજના મહિલા સમિતિના અધ્યક્ષ શ્રીમતી દીનાબેન એન.સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું તેમજ સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ જી. ચાવડાએ સમાજની વર્તમાન સ્થિતિ અને સમસ્યાઓ અંગે છણાવટ કરી. અંતે સમારંભના પ્રમુખશ્રી નીલેશકુમાર આર. ચાવડાએ સમાજના લોકોના આર્થિક ઉત્થાન માટે વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન મહિલા સમિતિની બહેનોએ ખભે ખભા મિલાવી પાર પાડ્યું હતું.

અંતમાં, ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ જે.સોલંકીએ સમગ્ર કાર્યક્રમમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર સૌનો આભાર વ્યક્ત કરી આભાર વિધિ પૂર્ણ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ સ્વરૂચી ભોજન કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

અનિલભાઈ જી. ચાવડા
પ્રમુખ:ભરૂચ બારશાખ રાજપૂત સમાજ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK